For Community Only

# નમસ્કાર ગુજરાત

USA Edition | Year 3 | Issue 22 | Saturday 27 January 2024 | Page 12

read epaper... newsonlinelive.tv

Editor-in-chief **Hiren Vyas** | Executive Editor **Nirav Govani** | Published by news online inc. (Weekly)

### રઘુપતિ રાઘવ રાજા રામ, અભિજીત મુહૂર્તમાં રામલલાની ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન...

# અવધ મેં આનંદ ભયો

## હવે રામલલા ટેન્ટમાં નહીં પરંતુ દિવ્ય મંદિરમાં રહેશે

## શ્રી રામલલાના દિવ્ય અને ભવ્ય દર્શન કરી ભક્તો ધન્ય



## જય શ્રીરામ... જય જય શ્રીરામ

રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા, પ્રતિષ્ઠિતો રામમય બન્યા, ભારતથી લઈ અમેરિકા, ઓસ્ટ્રેલિયાથી શ્રીલંકા સુધી ઉજવણી

## 22 જાન્યુઆરી 2024, સોમવાર

આ માત્ર કેલેન્ડરની તારીખ નથી પરંતુ નવા કાલચક્રની ઉત્પતિ છે: પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી

Gadgets ગુરૂ હીરોની સૌથી પાવરફુલ બાઈક Maverick લોન્ચ 4

અનેક મુશ્કેલીઓ હોવા છતાં અમેરિકામાં લોકોનો ગેરકાયદે પ્રવેશ યથાવત... 5

કાંકરિયા ફરવા જનારાને લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ... 7

શ્રુતિ હાસને સામંથા રૂથ પ્રભુ પાસેથી ચેન્નઈ સ્ટોરી ફિલ્મ આંચકી... 10

### રિપબ્લિકન પાર્ટીમાંથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની રેસમાં ટ્રમ્પ આગળ

# અમેરિકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી: ટ્રમ્પે ભારતીય મૂળની નિક્કીને ઉમેદવારની ચૂંટણીમાં હાર આપી

## ડેમોક્રેટિક પાર્ટીમાંથી રાષ્ટ્રપતિ બાઈડેન સરળતાથી જીતી ગયા

■ વોશિંગ્ટન

અમેરિકામાં આ વર્ષે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલાં રિપબ્લિકન અને ડેમોક્રેટિક પાર્ટીઓની ઉમેદવારી માટે ચૂંટણી ચાલી રહી છે. આ દરમિયાન બુધવારે સવારે (ભારતીય સમય મુજબ), રિપબ્લિકન પાર્ટીના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ન્યૂ હેમ્પશાયર રાજ્યની ચૂંટણી જીતી લીધી છે. ચૂંટણીપરિણામો સામે આવ્યાં બાદ નિક્કી હેલીએ કહ્યું- જો ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે ચૂંટાય છે તો ગઈ વખતની જેમ બાઈડન ચૂંટણી જીતશે. જોકે 81 વર્ષના બાઈડન તેમનો 5 વર્ષનો કાર્યકાળ પૂરો કરી શકશે નહીં અને આખરે કમલા હેરિસ રાષ્ટ્રપતિ બનશે. ન્યૂયોર્ક ટાઈમ્સ અનુસાર, તેમને 55.4% વોટ મળ્યા, જ્યારે ભારતીય મૂળની નિક્કી હેલીને 42% વોટ મળ્યા. બીજી તરફ, ન્યૂ હેમ્પશાયરમાં ડેમોક્રેટિક પાર્ટી તરફથી જો બાઈડન જીત્યા છે, તેમને 66.8% મત મળ્યા. બીજા ક્રમે આવેલા ડીન ફિલિપ્સને માત્ર 20% વોટ મળ્યા. અમેરિકામાં આ વર્ષે નવેમ્બરમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. આ પહેલાં બંને પક્ષ, એટલે કે રિપબ્લિકન અને ડેમોક્રેટિક આ ચૂંટણી માટે પોતાના ઉમેદવારોને અંતિમ સ્વરૂપ આપવામાં વ્યસ્ત છે.જો નિક્કી પોતાનું નામ પાછું નહીં ખેંચે તો બાકીનાં 48 રાજ્યોમાં પ્રાથમિક અથવા કોકસ વોટિંગ જૂન સુધી ચાલુ રહેશે. જે કોઈપણ પક્ષના 1215 પ્રતિનિધિના મત મેળવે છે, ટ્રમ્પ અથવા નિક્કી, તે પક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર હશે.



## નિક્કી હેલીએ કહ્યું- ચૂંટણીથી પીછેહઠ કરીશ નહીં

ભારતીય મૂળના ઉમેદવાર નિક્કી હેલી પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ માટે મોટો પડકાર બની ગઈ છે. તેણે ન્યૂ હેમ્પશાયરની પ્રાથમિક ચૂંટણી બાદ રાષ્ટ્રપતિપદની રેસમાંથી ટ્રમ્પ સામેથી ખસી જવાના ડોનાલ્ડ ટ્રમ્પની અપીલને પણ ફગાવી દીધી છે. નિક્કી હેલીએ રેસમાં ટકી રહેવાની પોતાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી. એવી પણ ચર્ચા છે કે તે ટ્રમ્પના નોમિનેશનમાં અવરોધ બની શકે છે. એક મીડિયા સાથેની વાતચીતમાં હેલીએ તેના નિર્ણયો પર ટ્રમ્પના પ્રભાવને નકારી કાઢતાં કહ્યું હતું કે ટ્રમ્પે તેને જે કરવાનું કહ્યું એ તેણે ક્યારેય કર્યું નથી. જ્યારે હેલીને પ્રાથમિક ચૂંટણી માટે તેમની અપેક્ષાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સફળતા માટે કોઈ માપદંડ નક્કી કરવાનું ટાળ્યું હતું.

## ન્યૂ હેમ્પશાયરમાં પાર્ટી ચૂંટણી ન લડ્યા છતાંય જીત્યા બાઈડેન

ન્યૂ હેમ્પશાયરમાં ડેમોક્રેટિક પાર્ટીની ચૂંટણીમાં રાષ્ટ્રપતિ બાઈડનના નામની ગેરહાજરી હોવા છતાં તેમણે પ્રચંડ બહુમતી સાથે જીત મેળવી છે. હકીકતમાં પાર્ટીની ચૂંટણીની તારીખોની જાહેરાત પછી બાઈડને ન્યૂ હેમ્પશાયરમાં ચૂંટણીની તારીખ લંબાવવા માટે અપીલ કરી હતી, જોકે પાર્ટીએ તેમ કરવાનો ઈનકાર કર્યો હતો. આનાથી નારાજ થઈને બાઈડને ન્યૂ હેમ્પશાયરની ચૂંટણી ન લડવાનો નિર્ણય લીધો હતો. આમ છતાં ડેમોક્રેટિક પાર્ટીમાં તેમના સમર્થકોએ ચૂંટણીમાં રાઈટ-ઈન-કેમ્પેન ચલાવ્યું, જેના કારણે બાઈડન ચૂંટણી જીત્યા.

## કોકસ અને પ્રાથમિક ચૂંટણી વચ્ચે શું તફાવત છે, જે ઉમેદવાર માટે જરૂરી છે?

રિપબ્લિકન પાર્ટી તરફથી પ્રથમ કોકસ આયોવા રાજ્યમાં યોજાઈ હતી. વાસ્તવમાં પ્રાથમિક ચૂંટણી રાજ્ય સરકાર દ્વારા કરાવવામાં આવે છે. એ જ સમયે કોકસ પાર્ટીની પોતાની ઈવેન્ટ છે. પ્રાથમિક ચૂંટણી સામાન્ય ચૂંટણી જેવી જ મતદાન પ્રક્રિયાને અનુસરે છે. આ સમયગાળા દરમિયાન એક પક્ષનો કાર્યકર અન્ય પક્ષની ચૂંટણીમાં પણ મતદાન કરી શકે છે. એ જ સમયે કોકસમાં રૂમ અથવા હોલમાં બેસીને પક્ષના પ્રતિનિધિઓ હાથ ઊંચો કરીને અથવા કાપલી નાખીને મતદાન કરી શકે છે. પક્ષની એક ટીમ નિરીક્ષક તરીકે કામ કરે છે. આયોવામાં ટ્રમ્પને 20 વોટ મળ્યા, જ્યારે નિક્કીને 8 વોટ મળ્યા. પોતાનું નામ પાછું ખેંચનાર રોન ડી સેન્ટિસને 9 મત મળ્યા હતા. જો નિક્કી ન્યૂ હેમ્પશાયરમાં ચૂંટણી પછી કોઈપણ સમયે રેસ છોડી દે છે, તો ટ્રમ્પ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર હશે. જો નિક્કી પોતાનું નામ પાછું નહીં ખેંચે તો બાકીનાં 48 રાજ્યોમાં પ્રાથમિક અથવા કોકસ વોટિંગ જૂન સુધી ચાલુ રહેશે. આ દરમિયાન જે કોઈપણ પક્ષના 1215 પ્રતિનિધિ (પ્રસ્તાવકો)ના મત મેળવે છે, ટ્રમ્પ અથવા નિક્કી, તે પક્ષના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર હશે. જ્યારે હેલીને પ્રાથમિક ચૂંટણી માટે તેમની અપેક્ષાઓ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે સફળતા માટે કોઈ માપદંડ નક્કી કરવાનું ટાળ્યું હતું.


# લોસ એન્જલસ રામમય બન્યું...

## રામ મંદિર નિર્માણથી અમેરિકામાં ભારતીયો ભાવવિભોર થયા

■ લોસ એન્જલસ

અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થતાં અમેરિકામાં ભારતીયો ભાવવિભોર બન્યા. રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે ઈન્ડો અમેરિકન કલ્ચરલ સોસાયટી દ્વારા લોસએન્જલસ ખાતે આવેલા ગાયત્રી ચેતના મંદિરમાં ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતના અયોધ્યામાં ભગવાન શ્રીરામનું ભવ્ય અને દિવ્ય મંદિર નિર્માણ પામી રહ્યું છે જેના ગર્ભગૃહમાં ભગવાન શ્રીરામના મોહક સ્વરૂપની પ્રાણ પ્રતિષ્ઠાનો ઉત્સાહ અને ઉમળકો અમેરિકામાં વસતા ભારતીયજનોમાં પણ જોવા મળ્યો હતો.અહી ભવ્ય કાર રેલી અને ગરબા સાથે ભારતીય અમેરિકનોએ આ મહોત્સવની ઉજવણી કરી હતી.








નમસ્કાર ગુજરાત
INDIA - USA - UK
NEW ZEALAND - AUSTRALIA

આપ આપના શહેરની પ્રેસનોટ અથવા કાર્યક્રમની માહિતી અથવા ફોટો અમને અમારા નીચેના ઈ-મેલ આઈડી પર મોકલી શકો છો.
**namashkargujarat@gmail.com**

**Publisher & Editor-in-Chief**
Hiren Vyas
+91 98982 65678

**Executive Editor**
**Marketing USA**
Nirav Govani
+1 (312) 686-5974

**Design**
Farhan Ajmerwala

**California Representative**
Ramanlal Patel
+1 (909) 205-6442

**Spl. Correspondent**
Sandip Hirpara
+91 90338 36330

**USA Office**
607, Burgess ct., Schaumburg, Illinois - 60194.

**Marketing India**
Mohit Hemilton +91 98799 18199
Het Vyas +91 95370 31696

**For Advertisement**
namashkargujarat@gmail.com

**India Office** 10th Floor, Shivalik Complex, Opp. Bank of Baroda, Panchvati Circle, Ambawadi, Ahmedabad - 380015.

**Disclaimer :** Namaskar Gujarat make no warranties or responsible as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Namaskar Gujarat is not responsible or liable for any claims made in advertisements or classifieds.Any question or comments concering advertisement or classifieds within this newspaper should be directed to the advertiser.The views,advice,opinions,and information in letters to the editor,analysis section,legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Namaskar Gujarat. All editorial rights reserved to News Online Cable Broadcasting Pvt. Ltd. Ahmedabad.

### નેટ-ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં 150%થી પણ વધારો

# ભાજપ સરકારમાં ઈન્કમટેક્સની તિજોરી છલકાઈ, રિટર્ન ફાઈલની સંખ્યામાં વધારો

## રિટર્ન ભરનારાની સંખ્યા ડબલ થઈ ગઈ છે જે સારી વાત છે

■ નવી દિલ્લી

જ્યારે UPAની સરકાર હતી ત્યારે 2013-14માં આવકવેરા વિભાગને જે આવક થઈ હતી એની સામે NDA સરકારના 2014 પછીના શાસનમાં અત્યારસુધી કેટલી આવક વધી એનો હિસાબ-કિતાબ ટ્વિટર પર શેર કર્યો છે. આવકવેરા વિભાગને નેટ ડાયરેક્ટ ટેક્સ કલેક્શન અને ગ્રોસ ડાયરેક્ટ ટેક્સ કલેક્શનમાં સીધો ફાયદો થયો છે અને એના કારણે આવકવેરા વિભાગની તિજોરી છલકાઈ ગઈ છે. તો લોકોમાં ટેક્સ ભરવા માટે જાગૃતિ આવી છે અને રિટર્ન ભરનારાની સંખ્યા ઓલમોસ્ટ ડબલ થઈ ગઈ છે.

પહેલા તો એ જાણીએ કે નેટ ડાયરેક્ટ ટેક્સ શું છે? ડાયરેક્ટ ટેક્સ એ ટેક્સ છે, જે વ્યક્તિ અથવા કંપની આવકવેરા વિભાગને સીધો ચૂકવે છે. આ કરમાં આવકવેરો, વાસ્તવિક મિલકતવેરો, વ્યક્તિગત મિલકતવેરો અને અસ્કયામતો પરના કરનો સમાવેશ થાય છે, કરદાતા સરકારને સીધો ચૂકવે છે. આ ટેક્સ ચૂકવ્યા પછી ટીડીએસ અને અન્ય કેસમાં રિફંડ આપવું પડે છે. ઈન્કમટેક્સ વિભાગ રિફંડ આપી દે પછી જે વધે એ નેટ ડાયરેક્ટ ટેક્સ છે. એની સામે વર્ષ 2022-23માં 16,63,686 કરોડ રૂપિયા વધારે નેટ ટેક્સ કલેક્શન થયું છે, એટલે દાયકામાં 10,25,090 કરોડ રૂપિયા આવકવેરાને ટેક્સરૂપે મળ્યા છે.




### ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલની સંખ્યા ડબલ થઈ ગઈ

સરળ શબ્દોમાં કહીએ તો ઈન્કમટેક્સ રિટર્ન એટલે કે ITR એ એક ફોર્મ છે. આ ફોર્મ દ્વારા તમે ભારતની કેન્દ્ર સરકારના આવકવેરા વિભાગને તમારી આવક વિશેની માહિતગાર કરો છો. ITR ફાઈલ કરતાં પહેલાં એ જાણવું જરૂરી છે કે તમે આવકની કઈ કેટેગરી સાથે સંબંધ ધરાવો છો. વર્તમાન નિયમો મુજબ, જો તમારી વાર્ષિક આવક 2.5 લાખ રૂપિયાથી વધુ છે, તો તમારે ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવું પડશે. જો તમે નોકરી અથવા વ્યવસાય કરી રહ્યા છો, તો ITR ફાઈલ કરવું ફરજિયાત છે. જો તમારી આવક રૂપિયા 2.5 લાખથી ઓછી છે તો તમારી આવક કરપાત્ર નથી, તેમ છતાં રિટર્ન ફાઈલ કરવું સારી બાબત છે. છેલ્લા દાયકામાં ઈન્કમટેક્સ રિટર્ન ફાઈલ કરવામાં જબરો ઉછાળો આવ્યો છે. 2013-14માં 3.80 કરોડ ભારતીયો રિટર્ન ફાઈલ કરતા હતા, તેની સામે 2022-23માં 7.78 કરોડ લોકો રિટર્ન ફાઈલ કરી રહ્યા છે. આ રીતે રિટર્ન ફાઈલ કરવામાં 104.91% ગ્રોથ જોવા મળી રહ્યો છે.

## NEWS FILE

### દેશમાં ક્રેડિટ કાર્ડની સંખ્યા 10 કરોડે પહોંચતાં રેકોર્ડ તૂટ્યો




નવી દિલ્લી: બેંકો દ્વારા જારી કરાયેલા ક્રેડિટ કાર્ડની સંખ્યા વધીને 10 કરોડની નજીક પહોંચી ગઈ છે. ગત વર્ષે ડિસેમ્બરમાં સૌથી વધુ 19 લાખ ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા હતા. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના લેટેસ્ટ ડેટા અનુસાર, ડિસેમ્બરમાં બેંકિંગ સિસ્ટમમાં કુલ 9.79 કરોડ ક્રેડિટ કાર્ડ હતા. 2023માં 1.67 કરોડ નવા ક્રેડિટ કાર્ડ જારી કરવામાં આવ્યા હતા જ્યારે 2022માં 1.22 કરોડ ક્રેડિટ કાર્ડનો ઉમેરો થયો હતો. છેલ્લા પાંચ વર્ષમાં ક્રેડિટ કાર્ડના ઉપયોગમાં સતત વધારો થયો છે. ડિસેમ્બર 2019માં લગભગ 5.55 કરોડ કાર્ડ ચલણમાં હતા. પરંતુ તેમાં દિન પ્રતિદિન વધારો થઈ રહ્યો છે.

### SIP એકાઉન્ટ્સમાંથી 11,000 કરોડનું રોકાણ પાછું ખેંચાયું

અમદાવાદઃ મ્યુચ્યુઅલ ફંડ રોકાણકારોએ ડિસેમ્બરમાં સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન (સિપ) એકાઉન્ટ્સમાંથી રૂ. ૧૧,૧૪૦ કરોડ પાછા ખેંચ્યા હતા. બજારમાં ઉછાળા બાદ રોકાણકારોએ નફો બુક કર્યો હતો. આ સાથે રોકાણકારોએ પણ સિપમાંથી રોકાણ પાછું ખેંચી લીધું હતું. ગયા મહિને, ઈક્વિટી માર્કેટમાં સેન્સેક્સ ૭.૮ ટકાથી વધુ વધવા સાથે ૧૮ મહિનામાં તેનું સૌથી મજબૂત માસિક પ્રદર્શન નોંધાવ્યું હતું. ગયા મહિને, નિફ્ટી સ્મોલકેપ ૧૦૦ ઈન્ડેક્સ ૭ ટકા વધ્યો હતો. SIP ખાતામાંથી રૂ. ૧૧,૧૪૦ કરોડનો ઉપાડ એપ્રિલ ૨૦૨૧ પછી સૌથી વધુ છે.

### એપ્રિલ-નવેમ્બર 2023માં ચોખ્ખા FDIમાં થયો ઘટાડો




નવી દિલ્લી: એપ્રિલ-નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ભારતમાં નેટ ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઈ)માં ઘટાડો થયો છે. એપ્રિલ-નવેમ્બર ૨૦૨૨ના ૧૯.૭૬ અબજ ડોલરની સરખામણીમાં તે ઘટીને ૧૩.૫૪ અબજ ડોલર થઈ ગયું છે. વૈશ્વિક નાણાપ્રવાહમાં ઘટાડો અને ઈક્વિટી મૂડીના ઉપાડને કારણે આવું બન્યું છે. દેશમાં આવતા નાણાંની રકમમાંથી કરેલા રોકાણને બાદ કર્યા પછી જે રકમ બચે છે તેને નેટ એફડીઆઈ કહેવામાં આવે છે. ભારતીય રિઝર્વ બેંક ડેટા જણાવે છે કે એપ્રિલથી નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ભારતમાં એફડીઆઈ ૨૧.૩૯ બિલિયન ડોલર હતું અને આઉટફ્લો ૭.૮૫ બિલિયન ડોલર હતું.

# ગુજરાતીઓએ 1 વર્ષમાં 85,000 કરોડનો આવકવેરો ભર્યો

### 10 વર્ષમાં આવકવેરાની કમાણીમાં 237%નો વધારો

■ અમદાવાદ




ગુજરાતીઓએ વર્ષ 2022-23માં 85018 કરોડ રૂપિયા આવકવેરો ભર્યો છે. એક વર્ષમાં આવકવેરામાં 14 હજાર કરોડનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. દેશની વસતીમાં 5 ટકા હિસ્સો ધરાવતું ગુજરાત આવકવેરાની આવકમાં પણ 5 ટકા હિસ્સો ધરાવે છે. રાજ્યમાં 10 વર્ષમાં આવકવેરાની કમાણીમાં અંદાજે 237 ટકાનો વધારો નોંધાયો છે. વર્ષ 2012-13માં ગુજરાતમાંથી 25196 કરોડ આવકવેરો ભરાયો હતો. દેશમાં 2022-23માં કુલ 16 લાખ કરોડ આવકવેરાની આવક થઈ છે જેમાં મહારાષ્ટ્ર 6 લાખ કરોડ સાથે સૌથી આગળ છે દિલ્હી 2.21 લાખ કરોડ સાથે બીજા જ્યારે ગુજરાત પાંચમા ક્રમે છે. નોંધનીય છે કે દેશની આવકવેરાની કુલ આવકમાં 73 ટકા ફાળો આ 5 રાજ્યનો છે. રાજ્યો 12 લાખ કરોડથી વધુ આવકવેરો આપે છે. CBDT દ્વારા જાહેર કરાયેલા ડાયરેક્ટ ટેક્સ કલેક્શનના ટાઈમ-સિરીઝ ડેટામાંથી આ વિગતો બહાર આવી છે.

# સરકારે સોના અને ચાંદી પર ઈમ્પોર્ટ ડ્યૂટી વધારી

### આવનાર દિવસોમાં ભાવમાં વધારાની શક્યતા

■ નવી દિલ્હી



સરકારે 22 જાન્યુઆરીથી સોના અને ચાંદીના શેવિંગ અથવા ફાઈલિંગ પરની આયાત ડ્યુટી 11% થી વધારીને 15% કરી છે. જ્વેલરી બનાવવામાં સોના અને ચાંદીનો ઉપયોગ થાય છે. આ સિવાય કિંમતી ધાતુના સિક્કાની આયાત પર હવે 15 ટકા ટેક્સ ચૂકવવો પડશે. એચડીએફસી સિક્યોરિટીઝના કોમોડિટી અને કરન્સી હેડ અનુજ ગુપ્તાના જણાવ્યા અનુસાર તેના પરની આયાત ડ્યૂટીમાં વધારાને કારણે આગામી દિવસોમાં સોનાના ભાવ વધી શકે છે. જો કે, આનાથી કિંમતોમાં વધુ વધારો થશે નહીં.

ગયા વર્ષે એટલે કે 2023માં ભારતમાં સોનાની આયાત 3% વધીને 734.2 ટન થઈ હતી. એ જ રીતે, સોનાની આયાત 16.4% વધીને રૂ. 3.53 લાખ કરોડ ($42.58 અબજ) થઈ છે. ઓક્ટોબર 2023 સુધીમાં 1,241 ટનની આયાત સાથે ચીન સોનાનો સૌથી મોટો આયાતકાર બની રહ્યો છે.

# માઈક્રોસોફ્ટ 3 ટ્રિલિયન ડોલરની કંપની બની

« સોફ્ટવેર કંપનીએ પહેલીવાર આ સ્થાન હાંસલ કર્યું, એપલ યાદીમાં નંબર વન પર યથાવત

### આ કંપનીઓએ આ વર્ષે સૌથી વધુ લોકોની છટણી કરી

■ નવી દિલ્લી

સોફ્ટવેર કંપની માઈક્રોસોફ્ટે 3 ટ્રિલિયન ડોલર એટલે કે લગભગ રૂ. 249.40 લાખ કરોડની માર્કેટ વેલ્યૂ વટાવી દીધી છે. બુધવારે ટ્રેડ દરમિયાન શેરમાં 1.7%નો ઉછાળો આવ્યો અને તે વધીને $405.63 (33,675) પર પહોંચ્યો હતો, જેનાથી કંપનીએ પહેલીવાર આ આંકડો સ્પર્શ કર્યો. જોકે, આ પછી માઈક્રોસોફ્ટના શેર થોડા નીચે આવ્યા અને $ 402.56 ( 33,472) ના સ્તરે બંધ થયો. આ કારણે કંપનીનું માર્કેટ કેપ ઘટીને $2.99 ટ્રિલિયન થઈ ગયું છે. માર્કેટ વેલ્યુ મુજબ માઈક્રોસોફ્ટ વિશ્વની ટોચની કંપનીઓમાં બીજા સ્થાને છે. વેલ્યુએશન મુજબ આ યાદીમાં એપલ નંબર વન પર છે. ત્રીજા સ્થાને 170.09 લાખ કરોડના માર્કેટ કેપ સાથે તેલ અને ગેસ કંપની સાઉદી અરામકો છે, ચોથા સ્થાને ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટ છે અને પાંચમા સ્થાને ઈ-કોમર્સ બિઝનેસ પ્લેટફોર્મ એમેઝોન છે. ટ્રેડિંગ દરમિયાન, Appleના શેર 0.35% ઘટીને $194.50 (16,171) પર બંધ થયા.

### AI પ્રોજેક્ટ્સમાં રોકાણને કારણે માઈક્રોસોફ્ટનો વિકાસ થયો




માઈક્રોસોફ્ટે ચેટ-જીપીટી બનાવતી કંપનીમાં રોકાણ કર્યું છે. આ સિવાય જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ચેટબોટ રજૂ કર્યા બાદ કંપની અન્ય ટોચની કંપનીઓ કરતાં આગળ નીકળી ગઈ છે. ઓપન AI દ્વારા, કંપનીએ તેના સર્ચ એન્જિન Bingનું નવું અને વધુ અપગ્રેડેડ વર્ઝન પણ લોન્ચ કર્યું છે. તાજેતરમાં માઈક્રોસોફ્ટે એન્ડ્રોઈડ યુઝર્સ માટે નવી કો-પાયલોટ એપ લોન્ચ કરી છે. આ એપ દ્વારા યુઝર્સ તેમના AI ચેટબોટનો નવી સેવા તરીકે ઉપયોગ કરી શકશે. આ એપ સર્ચ એન્જિન બિંગથી અલગ છે અને સંપૂર્ણપણે માઈક્રોસોફ્ટની AI ટેક્નોલોજી પર આધારિત છે. માઈક્રોસોફ્ટે થોડા મહિના પહેલા બિંગ ચેટનું નામ બદલીને કો-પાયલોટ કર્યું હતું.

## તંત્રીસ્થાનેથી...

# રામ આગ નથી ઉર્જા છે, રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા અવિસ્મરણીય



**લોકોમાં** ધાર્મિક ભાવના ઠાંસી ઠાંસીને ભરી છે તે ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાના અવસરે જોવા મળ્યું. વિશ્વભરમાં વસતા ભારતીયોએ અયોધ્યામાં ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાને હૃદયપૂર્વક માણી હતી. છેલ્લા અઠવાડિયાથી સમગ્ર વાતાવરણ રામમય બની ગયું હતું. ગઈ કાલે મંગળવારે બપોરે પ્રાણ પ્રતિષ્ઠાને લોકોએ બે હાથ જોડીને વંદન કરીને વધાવી હતી. ઘેર ઘેર શ્રીરામનો જયઘોષ થયો અને લોકોના દિલ રામ રામ પોકારતા થઈ ગયા હતા. આખા દેશને શ્રદ્ધાના શાતાદાયક સ્પર્શનો અનુભવ થયો હતો. ટેકનોલોજી અને વહીવટી નિપુણતાના દર્શન પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન થયા હતા.

અયોધ્યાના રામ મંદિરના ઈતિહાસમાં સૌથી મહત્ત્વનું પગલું બાબરી ઢાંચાનો ધ્વંસ હતું, તો સૌથી ગૌરવવંતુ પગલું પ્રાણ પ્રતિષ્ઠાનું હતું. બાબરી ઢાંચાના ધ્વંસ વખતે દુનિયા હજુ ડિજિટલ બની નહોતી. ટીવીનો વ્યાપ પણ ઓછો હતો. આજે તો એકેએક ક્ષણનો રિપોર્ટ જોવા મળે છે. તે સમયે કોમ્યુનિકેશનનાં સાધનો ઓછા હતાં. સમાચારો માટે છાપાં અને રેડિયો પર સૌથી વધારે આધાર રાખવો પડતો હતો. આજે ફાઈવજી ઈન્ટરનેટ અને સ્માર્ટફોનનો જમાનો છે. કરોડો લોકો પ્રાણ પ્રતિષ્ઠાનું લાઈવ ટેલિકાસ્ટ જોઈને હરખઘેલા થઈ ગયા હતા. લાખો લોકોએ અશ્રુભીની આંખે ભગવાન રામને આવકાર્ય હતા.

સોનાની થાળીમાં લોઢાની મેખ જેવી ઘટનાઓ ખાસ જોવા મળી નહીં. જોકે તામિલનાડુમાં મંદિરોમાં લાઈવ ટેલિકાસ્ટ પર પ્રતિબંધ મુકીને સનાતનીઓની શ્રદ્ધાનું અપમાન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. આવા પ્રતિબંધનો કશો અર્થ નહોતો, કેમ કે લોકોએ સ્માર્ટફોન અને કંઈકેટલીય વેબસાઈટો દ્વારા પોતાની જિજ્ઞાસા સંતોષી હતી.

પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન દેશભરના આમંત્રિત સેલિબ્રિટીઓ શાંતિથી પાંચ કલાક બેસી રહ્યા હતા. ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા જોવા દેશભરમાં લોકો સહકુટુંબ સવારથીજ ટીવી સામે ગોઠવાઈ ગયા હતા. લાખો જગ્યાઓ પર હનુમાન ચાલીસાના પાઠ થયા હતા, પ્રસાદી વહેંચાઈ હતી. લોકાએ રસ્તાઓ પર નીકળીને ભગવાન રામના નારા લગાવ્યા હતા.

આમંત્રિત મહેમાનોને મહાપ્રસાદ આપવામાં આવ્યો હતો, જેમાં ચોખ્ખા ઘીનું પકેટ, સાકર, બેસનના લાડુ, હાથે બાંધવાની નાડાછડી (દરેક આમંત્રિત મહેમાનને તે હાથે પહેરવા જણાવાયું હતું), બે નાની બોટલમાં સરયૂ નદીનું પાણી, નાની સોપારી અને ચોખાનો સમાવેશ થતો હતો. મહાપ્રસાદના બોક્સમાં રામ કંદમૂલ, કુમકુમ અને રૂદ્રાક્ષનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો. બહુ નસીબવંતાને આવો પ્રસાદ મળતો હોય છે. અલબત્ત, હવે અયોધ્યા ખાતે ભગવાન રામના દર્શને જશે તેમને પણ લાડુનો પ્રસાદ મળશે. સૂત્રો કહે છે કે તિરૂપતિ બાલાજી મંદિરમાં મળતા પ્રસાદ જેવો લાડુ કાયમ માટે મળી રહે તેવું આયોજન કરાયું છે.

સોશિયલ નેટવર્ક પર તો પ્રાણ પ્રતિષ્ઠાને લઈને છેલ્લા એક અઠવાડિયા ધમધમાટ જોવા મળ્યો હતો. ભગવાન રામના ભજનો ગાતાં ગાતાં કેટલાક ઉત્સાહી નેટિઝન્સે મોદી ચાલીસા પણ ફરતી કરી દીધી હતી. વિદેશમાં રહેતા ભારતીયોએ કાર રેલી કાઢીને પ્રાણ પ્રતિષ્ઠાનો પ્રસંગ ઉજવ્યો હતો. જ્યાં ભારતીયો રહેતા હોય એવા તમામ દેશોમાં રામનો જયઘોષ જોવા મળ્યો હતો.

વડાપ્રધાને રૂબરૂ જઈને અયોધ્યા મંદિરમાં કામ કરતા શ્રમિકો પર ગુલાબના ફૂલોની વર્ષા કરીને તેમને વધાવ્યા હતા તે ક્ષણ ખૂબ સંવેદનશીલ હતી. વડાપ્રધાન મોદીનું વ્યક્તવ્ય બહુ પ્રસંશનીય હતું. તેમણે રામ વિવાદ નહીં, પણ સમાધાન છે અને રામ આગ નહીં પણ ઉર્જા છે એમ કહીને દેશના યુવાનોને કહ્યું હતું કે આપણે હવે ઉત્કર્ષના કામમાં લાગી જવાનું છે.

લોકોએ બે તારીખ યાદ રાખવાની છે. એક ૬-૧૨-૧૯૯૨ કે જ્યારે બાબરીના ઢાંચાને કારસેવકો ધ્વસ્ત કરી હતી, અને બીજી તારીખ ૨૨-૧-૨૦૨૪, કે જ્યારે રામલલાની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા થઇ. હવે ભગવાન રામના જીવનનો હાર્દ સમજીને આપણે તેને રોજીંદા જીવનમાં ઊતારવું પડશે.

પ્રાણ પ્રતિષ્ઠા પ્રસંગે છેલ્લે એમ કહી શકાય કે- સુશોભિત છે આખો સંસાર અયોધ્યામાં શરૂ થયો છે રામ દરબાર.



# વિસ્તારવાદી અમેરિકા, યુદ્ધ-દબાણ વિના 6 લાખ ચોરસ કિમી વિસ્તાર વધાર્યો

## વિચાર મંથન



અમેરિકા અને દુનિયાના બીજા દેશોમાં શું ફરક છે ? અમેરિકા પાસે સાયન્સ અને ટેકનોલોજીનો પોતાના ફાયદા માટે ઉપયોગ કરવાની જબરદસ્ત ક્ષમતા છે. અમેરિકાની આ ક્ષમતાનું તાજું ઉદાહરણ અમેરિકાએ પોતાના વિસ્તારમાં કરેલો જંગી વધારો છે. અમેરિકાએ કોઈ દેશ પર આક્રમણ કરીને કબજો કર્યા વિના કે કોઈની જમીન પચાવી પાડયા વિના પોતાના જમીનના વિસ્તારમાં ૩.૮૬ લાખ નોટિકલ ચોરસ માઈલ એટલે કે ૬.૨૧ લાખ ચોરસ કિલોમીટરનો વધારો કરી દીધો છે.

સ્પેનનો વિસ્તાર ૧.૯૫ લાખ ચોરસ માઈલ છે એ જોતાં અમેરિકાએ બે સ્પેન જેટલો મોટો વિસ્તાર પોતાના કુલ વિસ્તારમાં ઉમેરી દીધો છે. ભારતનો કુલ વિસ્તાર ૩૨ લાખ ચોરસ કિલોમીટર જેટલો છે એ જોતાં અમેરિકાએ ભારતના કુલ વિસ્તારના ૨૦ ટકા નવો વિસ્તાર કોઈના પર આક્રમણ કર્યા વિના કે કોઈની જમીન હડપ્યા વિના પોતાનામાં ઉમેર્યો છે. અમેરિકાએ ભારતના ઉત્તર પ્રદેશ, કર્ણાટક અને ગુજરાતના કુલ વિસ્તાર જેટલો વિસ્તાર પોતાનામાં નવો ઉમેર્યો છે. આ વિસ્તારો એટલાન્ટિક ઈસ્ટ કોસ્ટ, પેસિફિક વેસ્ટ કોસ્ટ, બેરિંગ સી, મરીઆના આઈલેન્ડ અને ગલ્ફ ઓફ મેક્સિકોમાં બે સ્થળે વિકસાવાયા છે તેથી ત્યાં હવે અમેરિકાની હુકુમત ચાલશે.

અમેરિકાએ પોતાના વિસ્તારમાં વધારો એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ) અંગેના વૈશ્વિક કાયદાઓનો લાભ લઈને કર્યો છે તેથી સૌથી પહેલાં તો એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ) શું છે એ સમજવું જરૂરી છે. કોઈ પણ દેશની જમીન સરહદ નક્કી કરેલી હોય છે તેથી જમીન સરહદ નક્કી કરવી સરળ છે પણ દરિયામાં દીવાલ બનાવી શકાતી નથી તેથી દરિયા પર કોનો અધિકાર એ અંગે યુનાઈટેડ નેશન્સ દ્વારા નિયમો નક્કી કરાયેલા છે. આ નિયમો પ્રમાણે કોઈ પણ દેશની દરિયાની બેઝલાઈન એટલે કે જમીન સરહદે દરિયો અડકે ત્યાંથી ૧૨ નોટિકલ માઈલ એટલે કે ૨૨ કિલોમીટર સુધી તેની દરિયાઈ સીમા ગણાય. આ વિસ્તારને ટેરિટરીયલ સી કહેવાય છે. એ પછીનો ૧૨ નોટિકલ માઈલ એટલે કે ૨૨ કિલોમીટરનો વિસ્તાર કન્ટિજ્યુઅસ ઝોન કહેવાય જ્યારે એ પછીનો ૨૦૦ નોટિકલ માઈલ એટલે કે ૩૭૦ કિલોમીટરનો વિસ્તાર એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન (ઈઈઝેડ) ગણાય.

આ ઈઈઝેડના તમામ કુદરતી સ્ત્રોત પર જે તે દેશનો અધિકાર ગણાય. એ પછી કોન્ટિનેન્ટલ શેલ્ફ આવે કે જેની મર્યાદા બેઝલાઈનથી મહત્તમ ૩૫૦ નોટિકલ માઈલ એટલે કે ૬૫૦ કિલોમીટરની છે. જે દેશોની જમીન સરહદથી દૂર દૂર સુધી દરિયો જ દરિયો હોય એ દેશો બીજા દેશો સાથે આ કોન્ટિનેન્ટલ શેલ્ફથી આગળના દરિયાના વિસ્તારનો પોતાના માટે ઉપયોગ કરવા સંબંધિત દેશો સાથે સમજૂતી કરતા હોય છે. આ વિસ્તારને એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ) કહેવામાં આવે છે. એ પછીના દરિયાને એરીયા કહેવામાં આવે છે કે જ્યાં કોઈનો અધિકાર નથી હોતો.

અમેરિકાએ રશિયા સાથે એ પ્રકારના કરાર કરેલા ને તેના આધારે જ આ નવો વિસ્તાર પોતાનામાં ઉમેર્યો છે. સામાન્ય રીતે એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ)માં દરિયો અત્યંત છિછરો હોય ત્યાં દેશો સાયન્સ અને ટેકનોલોજીનો ઉપયોગ કરીને તેમાંથી કુદરતી સ્ત્રોત કાઢવા માટેની સવલતો ઉભી કરતા હોય છે. અમેરિકાએ એવું જ કર્યું છે. અમેરિકાએ ગયા મહિને ૨૩ ડીસેમ્બરે એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ) દ્વારા અમેરિકાના વિસ્તારમાં વધારો કરાયો હોવાની જાહેરાત કરી હતી પણ એ વખતે કેટલો નવો જમીન વિસ્તાર ઉમેરાયો તે સ્પષ્ટ નહોતું કર્યું. અમેરિકાના વિદેશ મંત્રાલયે જાહેરાત કરેલી કે, અમેરિકા કુલ મળીને સાત વિસ્તારોમાં ૧૦ લાખ ચોરસ કિલોમીટર જેટલો નવો વિસ્તાર પોતાનામાં ઉમેરી શકે છે. હવે અમેરિકાએ છ લાખ ચોરસ કિલોમીટરથી વધારે વિસ્તાર ઉમેર્યો હોવાની સત્તાવાર જાહેરાત કરી છે એ જોતાં અમેરિકા હજુ બીજો ચારેક લાખ ચોરસ કિલોમીટરનો વિસ્તાર પોતાનામાં ઉમેરી શકશે.

અમેરિકા નવો વિસ્તાર ક્યારે ઉમેરશે એ ખબર નથી પણ આ જાહેરાત એક રીતે અમેરિકાની તાકાતનો પરચો છે. યુનાઈટેડ નેશન્સની લો ઓફ ધ સી ટ્રિટીનો લાભ દુનિયાના બધા દેશો લઈ શકે છે પણ મોટા ભાગના દેશો પાસે એ પ્રકારની ક્ષમતા જ નથી હોતી કે પોતાની દરિયાઈ સીમાથી બહાર જઈને શું કરી શકાય તેનો સર્વે સુધ્ધાં કરી શકે. મહાસાગરોમાં પણ વચ્ચે વચ્ચે અત્યંત છિછરો દરિયો હોય જ છે કેમ કે પૃથ્વી ઉબડખાબડ જમીનથી બનેલી છે. આ જમીનનો ઉપયોગ કરવાનો અધિકાર બધા દેશોને છે પણ બીજા દેશો એ કરી શકતા નથી. અમેરિકાએ એ કરી બતાવ્યું છે એ મોટી વાત છે.

અમેરિકાને આ નવા જમીન વિસ્તારનો બહુ મોટો ફાયદો મળશે. દરિયાના પેટાળમાં પેટ્રોલીયમથી માંડીને મોંઘી ખનિજો સુધીનું ઘણુ બધું ધરબાયેલું હોય છે. આર્કટિક મહાસાગર તો ક્ડ ઓઈલનો ભંડાર જ ગણાય છે. અમેરિકાને એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ)ના નવા વિસ્તારોમાં એ બધું જ મળશે. આ સિવાય દરિયાઈ જીવોથી માંડીને પ્રવાસનનાં સ્થળો વિકસાવવા સુધીના અધિકારો પણ અમેરિકા પાસે રહેશે તેથી અમેરિકાને આર્થિક રીતે બહુ મોટો ફાયદો થશે.

આ સિવાય આર્કટિક મહાસાગર અને સમુદ્રના બીજા વિસ્તારોમાં અમેરિકાના પોતાના વિસ્તારો હશે તેથી લશ્કરી રીતે પણ અમેરિકાને બહુ મોટો ફાયદો થશે. અમેરિકા પોતાના વિસ્તારોનું તો સરળતાથી રક્ષણ કરી જ શકશે પણ દુનિયાના બીજા દેશો પર પણ નજર રાખી શકશે. લશ્કરી રીતે અમેરિકા પાસે અત્યાધુનિક ટેકનોલોજી છે અને તેનો ઉપયોગ કરીને અમેરિકા દુનિયા પર પોતાનું વર્ચસ્વ વધારી શકશે.

વૈશ્વિક નિષ્ણાતો અમેરિકાની આ સિધ્ધીને વખાણે છે પણ સાથે સાથે તેના કારણે દુનિયામાં અશાંતિ ઉભી થશે અને નવા સંઘર્ષોનું નિર્માણ થશે એવો ખતરો પણ વ્યક્ત કરી રહ્યા છે. અમેરિકાએ પોતાની ક્ષમતાનો ઉપયોગ કરીને પોતાની જમીનમા વધારો કર્યો તેના કારણે દુનિયાના બીજા દેશોને પણ એ લાલચ જાગશે. અત્યાર સુધી દુનિયાના કોઈ દેશ એક્સટેન્ડેડ કોન્ટિનેન્ટલ શેલ્ફ (ઈસીએસ) વિશે બહુ વિચારતા નહોતા. હવે અમેરિકાએ તેમને રસ્તો બતાવી દીધો છે તેથી ચીન સહિતના દેશો પણ એ જ રસ્તે ચાલશે ને તેના કારણે સંઘર્ષો વધશે.

## અઢારમી લોકસભાની ચૂંટણી માટેનો નાદ શરૂ

# દેશમાં એક જુવાળ અને લોકસભાની ચૂંટણીની તૈયારી!

**આપણી** પાસે ભવિષ્યની યોગ્ય યોજના કે રૂપરેખા હોય તો તમે કોઈપણ કામને સરળતા પૂર્વક સફળ બનાવી શકો છો. દેશમાં આજે ભાજપ આ જ રૂપરેખા સાથે સત્તામાં છે. એક સમયે રામ મંદિર માટે આંદોલન કરનાર ભાજપ અને યોગ્ય નેતૃત્વના કારણે અયોધ્યાને સર કરી ગયુ છે. આ સાથે દેશમાં અઢારમી લોકસભાની ચૂંટણીઓ માટેના નાદ પણ શરૂ થઈ ગયા છે. અને શક્ય છે કે મધ્ય માર્ચથી એપ્રિલ સુધીમાં મતદાન થાય, મે મહિનાના પ્રથમ સપ્તાહમાં નવી સરકાર સત્તારૂઢ પણ થઈ શકે. ૨૦૧૯માં લોકસભાની ચૂંટણીઓ માટે મતદાન ૧૧ એપ્રિલથી મે ૧૯ વચ્ચે સાત તબક્કામાં યોજાયું હતું અને ચૂંટણીઓની તારીખો ૧૦ માર્ચના જાહેર કરવામાં આવી હતી.

તાજેતરમાં વાયરલ થયેલા એક સર્ક્યુલરમાં એક વાત તો નક્કી છે કે દેશમાં તમામ ચૂંટણી અધિકારીને સંદર્ભ તારીખ સાથે મતદાન પહેલા અને પછીની કાર્યવાહી અને પ્રક્રિયા સાથે આયોજન કરવા અને તે આયોજનની સમીક્ષા સાથે તૈયાર રહેવા માટે આદેશ આપી દેવામાં આવ્યો છે. એટલે કે ચૂંટણીની તૈયારીઓ અંતિમ તબક્કામાં છે. બીજું, રાજકીય રીતે પણ ભાજપ, કોંગ્રેસ અને અન્ય પક્ષો પોતાની રીતે સજ્જ થઇ રહ્યા છે. કોંગ્રેસ ભારત જોડો યાત્રા સાથે તેમજ વિપક્ષ સાથે ઈન્ડિયા ગઠબંધન સાથે તો ભાજપ તેની નેશનલ કાઉન્સિલની બેઠક દિલ્હી ખાતે ફેબ્રુઆરીમાં યોજી રણનીતિ બનાવવા માટે સજ્જ થઇ રહ્યો છે. તાજેતરમાં પાંચ રાજ્યોની ચૂંટણીઓમાં હિન્દી બેલ્ટમાં ભારતીય જનતા પાર્ટીને મળેલી સફળતા અને ખાસ કરીને રાજસ્થાન અને છત્તીસગઢમાં કોંગ્રેસના શાસનનો અંત આણતા લોકસભાની ચૂંટણીઓ ગત લોકસભા કરતા થોડી વહેલી આવી પડે એવી અટકળો છેલ્લા ત્રણ મહિનાથી ચાલી રહી છે.



અનંત
સંદીપ હીરપરા

રામમંદિરમાં ભગવાન રામલલાની પ્રાણ પ્રતિષ્ઠાથી દેશમાં અત્યારે એક જુવાળ જોવા મળી રહ્યો છે, આ જુવાળનો ફાયદો ઉઠાવવા માટે પણ મતદાનની તારીખો વહેલા જાહેર થાય એવી શક્યતાઓ છે. આ સમયે જ દિલ્હીના મુખ્ય ચૂંટણી અધિકારીના સર્ક્યુલરથી વાતને વેગ મળ્યો હતો. સરકારે ૩૧ જાન્યુઆરીથી ૯ ફેબ્રુઆરી વચ્ચે સંસદના બજેટ સત્રની જાહેરાત કરી છે. આ જ સમયે ભાજપે ચૂંટણીની તૈયારીઓ અને તેને સંબધિત બાબતોની રૂપરેખા તૈયાર કરવા માટે નવી દિલ્હી ખાતે નેશનલ કાઉન્સિલની બેઠક બોલાવી છે. આ બેઠકમાં રાજ્યની વિધાનસભાના ચૂંટાયેલા સભ્યો, સંસદીય દળના સભ્યો, કેન્દ્રીય અને પ્રદેશ ભાજપના પદાધિકારીઓ હાજર રહેશે. આ બેઠકમાં ભાજપ ૨૦૨૪માં કેટલી બેઠકો ઉપર ચૂંટણી લડે, શક્ય હોય તો કેટલીક બેઠકોમાં ઉમેદવારોના નામની અગાઉથી જાહેરાત કરવા માટેની પણ તૈયારીઓ ચાલી રહી છે.



## Gadgets ગુરૂ

### હીરોની સૌથી પાવરફુલ બાઈક Maverick લોન્ચ

Hero MotoCorpએ ભારતીય બજારમાં તેની સૌથી પ્રીમિયમ અને પાવરફુલ બાઈક Maverick 440 લોન્ચ કરી છે. તેની એક્સ-શોરૂમ કિંમત લગભગ 2 લાખ રૂપિયા જેટલી છે. આ બાઈકને હાર્લી ડેવિડસન X440ના પ્લેટફોર્મ પર વિકસાવવામાં આવી છે, પરંતુ તેના લૂક ડિઝાઈનમાં ફેરફાર જોવા મળશે. આ રોડસ્ટર સ્ટાઈલ બાઈક રેટ્રો થીમ સાથે આધુનિક ટચથી સજ્જ હશે.

- ટ્વીન એચ આકારના DRL સાથે રાઉન્ડ હેડલેમ્પ
- ટ્યુબ્યુલર સ્ટાઈલ હેન્ડલ બાર
- કર્વ ફ્યુઅલ ટેન્ક
- 440cc સિંગલ-સિલિન્ડર
- એર-કૂલ્ડ એન્જિન 47BHP પાવર
- 37NM પીક ટોર્ક
- કૉલ અને MSS ચેતવણીઓ

### ડંકી જમ્પ પર સાત સમંદર પાર પહોંચેલા ગુજરાતીની આપવીતી

# અનેક મુશ્કેલીઓ હોવા છતાં અમેરિકામાં લોકોનો ગેરકાયદે પ્રવેશ યથાવત રહ્યો

## ભૂખથી તડપતું પેટ, કાનમાં લોકોના અપશબ્દો સાંભળ્યા આંખમાં આંસુ અને મહેનત સિવાય કશું જ મળ્યું નહીં

■ શિકાગો

અમેરિકા આવવા માટે ગુજરાતીઓ ડંકી જમ્પ એટલે કે ગેરકાયદેસર રીતે પ્રવેશ કરે છે તે વાતની નવાઈ નથી. છેલ્લા 25 વર્ષમાં ગુજરાતીઓમાં આ પ્રકારે અમેરિકા આવવાનો ક્રેઝ વધ્યો છે. જો કે ગેરકાયદેસર રીતે આવતા લોકોને અમેરિકા પ્રવેશવા માટે પડતી હાલાકીની જો વાત કરીએ તો ખૂબ જ ગંભીર પરિસ્થિતિઓ પસાર કરીને તેઓ અમેરિકામાં પ્રવેશે છે. નમસ્કાર ગુજરાત દ્વારા આવા વ્યક્તિઓ સાથે વાત કરી તો તેઓએ પોતાનું નામ ન આપવાની શરતે સમગ્ર વાત ઉજાગર કરી. તેનાથી શરીર પર રુંવાડા ઉભા થઈ જાય. આ ગુજરાતી કઈ પરિસ્થિતિમાં અમેરિકા આવ્યા છે તે વાત કોઇ ફિલ્મી વાર્તાથી ઓછી નથી. કનુભાઇ (નામ બદલેલ છે.) ગુજરાતથી નીકળીને અમેરિકામાં પ્રવેશ કરવા માટે 3 સપ્તાહ જેટલો સમય લાગ્યો હતો. પરંતુ ત્યારબાદ તેઓને અમેરિકાની બોર્ડર સુરક્ષા બળના સૈનિકોએ પકડી લીધા હતા. અને ત્યારબાદ તેઓએ જેલમાંથી અસાઈલમ એટલે શરણાર્થી તરીકે રહેવા માટેની મંજૂરી માંગી છે. હાલ તેમને અમેરિકા આવ્યા તેને 5 મહિના જેટલો સમય વીતી ચૂક્યો છે. પરંતુ તેમને હવે અહીં રહેવા અને ખાવાની પણ ચિંતા છે. પરિવાર સાથે ગેરકાયદેસર રીતે આવેલા કનુભાઇની કોઇને પણ ગેરકાયદેસર રીતે અમેરિકામાં ન આવવા પ્રાર્થના કરી રહ્યા છે. આ સમગ્ર આપ-વીતી તેમણે નમસ્કાર ગુજરાત સમક્ષ વર્ણવી છે.

## ગેરકાયદેસર ન આવશો, કાયદેસર રીતે આવો

**સવાલ આપ કઇ રીતે ગુજરાતમાંથી આવ્યા છો?**

**જવાબ** અમે ગુજરાતમાં કોરોના કાળ દરમિયાન યોગ્ય કામ-ધંધો ન હોવાથી પરેશાન હતા. આ વાતની જાણ અમેરિકામાં અમારા સગા-સંબંધીઓને હતી. એટલે તેઓએ અમને અમેરિકા આવી જવા જણાવ્યું હતું. પૈસા તો ન હતા. પરંતુ જમીન અને અન્ય કેટલાક પૈસા વ્યાજે લાવીને અમે એજન્ટને કામ સોંપ્યુ હતુ. જેના પગલે એજન્ટે અમને ગુજરાતમાંથી જ કામ સોંપ્યાના 1 વર્ષ બાદ અમેરિકા લઈ આવવા માટે પ્રયત્ન ચાલુ કર્યા અને અમને દુબઈના વિઝા અપાવ્યા હતા. અમે દુબઈ ગયા અને ત્યાંથી મેક્સિકો આવ્યા અને ત્યાંથી બોર્ડર પરથી અમે અમેરિકામાં પ્રવેશ કર્યો. 3 સપ્તાહ જેટલો સમય લાગ્યો અમને અમેરિકામાં આવવા માટે.. પરિવારમાં હું મારી પત્ની અને બે બાળકો અમેરિકામાં આવ્યા છીએ. જો કે આવતા જ એજન્ટે જેમ કીધુ હતું તે પ્રમાણે અમે અમેરિકાની બોર્ડર સિક્યુરિટી ફોર્સને સરેન્ડર કરી દીધુ. તેઓ અમને જેલમાં લઈ ગયા. જો કે 4 દિવસમાં અમારા બોન્ડ ભરાઈ જતાં અમને છોડી મૂક્યા અને ત્યારબાદ અમેઅમેરિકામાં રહેવા માટે અસાઈલમ ફાઈલ કર્યુ છે.

**સાવલ આપ શું કામ કાજ કરો છો. અહીં બાળકોનો અભ્યાસ કેવી રીતે થાય છે?**

**જવાબ** છેલ્લા 5 મહિનાથી હું અમેરિકામાં આવ્યો છું. પરંતુ હજી સુધી કોઈ કામ-કાજ મળ્યું નથી. પહેલા અમારા સંબંધીઓના ત્યાં અમે ટેક્સાસ રહ્યા હતા. પરંતુ ત્યાં 1 મહિના સુધી કોઈ કામ-કાજ કે નોકરી ન મળતા અંતે કંટાળીને ત્યાંથી જ્યોર્જીયા ગયા. અને ત્યાં બીજા સંબંધીને ત્યાંરહ્યા ત્યાં પણ આવુ જ બન્યું. કેમ કે નોકરીની અછત અને અમને અંગ્રેજી ભાષાની અણઆવડતને કારણે નોકરી મળતી નથી. પછી ત્યાંથી બધાએ કહ્યુ કે શિકાગો જતા રહો, ત્યાં નોકરી મળી જશે. એટલે 20 દિવસ જ્યોર્જીયામાં રહીને શિકાગો આવવા નિકળી ગયા ત્યારથી જ શિકાગોમાં રહીયે છીએ.. પરંતુ હજી સુધી કોઈ યોગ્ય નોકરી કે કામ-કાજ મળ્યું નથી. પરિવારને લઈને અહીંથી ત્યાં ભટકી રહ્યો છું.

**સવાલ ગેરકાયદેસર રીતે અમેરિકા આવ્યા કેટલો ખર્ચ થયો?**

**જવાબ** એજન્ટને 1 કરોડ 65 લાખમાં કામ આપ્યુ હતુ. અને નાણાં તો ગામડે જમીન હતી તે વેચીં અને બીજા નાણા વ્યાજે લાવ્યા હતા. તેમાંથી અમેરિકા ઉતર્યા એટલે તરત જ આપી દીધા હતા. વ્યાજે લીધેલા નાણાવાળા હવે તેમનું વ્યાજ પણ માંગી રહ્યા છે. પરંતુ કઈ રીતે વ્યાજ આપવુ તે સમજાતુ નથી. એક તરફ કામ-ધંધો કે નોકર ન મળતા પરિવારના સભ્યોને પણ મૂંઝવણ થઈ રહી છે. શિકાગોમાં એક દિવસ સબ-વે માં જવું છું અને એક દિવસ ગેસ સ્ટેશનમાં જવું છું. બાકી હજુસુધી કોઈ યોગ્ય નોકરી નથી મળતી. સંબંધીઓ પણ પહેલા-પહેલા સારી રીતે બોલાવતા હતા. પરંતુ હવે સારી રીતે બોલાવતા પણ નથી અને જેના ઘરે રહીએ છીએ. તેઓ પણ હવે રહેવા માટે નાણા માંગી રહ્યા છે. વિચાર્યુ હતુ કે મારા સંતાનો અહીં અમેરિકામાં સારું શિક્ષણ મેળવશે. પરંતુ પહેલા ટેક્સાસ અને જ્યોર્જીયા ફર્યા એટલે તેમના ભણતરનુ કોઈ યોગ્ય ઠેકાણું ન પડ્યું. જો કે, હવે અહીં શિકાગોમાં સ્કૂલમાં અભ્યાસ કરવા જાય છે. બીજી તરફ પત્ની પણ સબંધીઓના મેણા-ટોંણા અને નોકરી ન હોવાથી પૈસાની તંગીને કારણે પરેશાન રહે છે.

**લોકોને ગેરકાયદેસર રીતે ન આવવા અપીલ** કનુભાઇ પોતાની આપ-વીતી કહેતા-કહેતા રડી પડ્યા.. આ પરિસ્થિતિ તેમના એકલાની નથી. આવી પરિસ્થિતિઓ તો અહીં આવેલા ઘણા લોકો ફેસ કરી રહ્યા છે. હાલ અમેરિકામાં નોકરી-ધંધાની અછત છે. પરિણામે જે લોકો આવી રીતે ગેરકાયદેસર રીતે આવે છે તેમને વધારે મુશ્કેલી પડે છે. એક તરફ દેવું હોવાથી તે નાણા ભરવાની ચિંતા અને બીજી તરફ નોકરી ન હોવાથી અહીં રહેવા અને ખાવાની ચિંતા. કનુભાઇ પોતે પોતાની આપ-વીતી કહેતા રડી પડ્યા, અને તેઓ બે હાથ જોડીને બધાને પ્રાર્થના કરે છે કે, કોઈપણ લોકો ગેરકાયદેસર રીતે ન આવો અને જો આવો તો પહેલેથી જ પોતાની કામ-ધંધાની યોગ્ય વ્યવસ્થા કરજો. નહીંતર પરિવાર સાથે અહીં ભારે મુશ્કેલીમાં મૂકાશો. અને એકવાર આવી ગયા પછી પાછા નથી જવાતુ એટલે મહેરબાની કરીને ગેરકાયદેસર રીતે આવી ગંભીર પરિસ્થિતિઓનો સામનો કરીને નાણા બરબાદ કરવા ન આવો..!

# બોઈંગ 737 એરક્રાફ્ટના ઉત્પાદનમાં વધારો કર્યો પ્રતિબંધ

## ભારતીય એરલાઈન્સને સૌથી મોટી અસર થવાની શક્યતા

■ ન્યૂયોર્ક

અમેરિકાના એક નિર્ણયથી ભારતીય એરલાઈન્સની ચિંતા વધી ગઈ છે. વાસ્તવમાં, અમેરિકાના એવિએશન રેગ્યુલેટર ફેડરલ એવિએશન એડમિનિસ્ટ્રેશન (FAA) એ બોઈંગના 737 મેક્સ એરક્રાફ્ટના ઉત્પાદન અને ઉત્પાદનમાં વધારા પર કેટલાક નિયંત્રણો લાદ્યા છે. આનાથી ઘણી ભારતીય એરલાઈન્સની કામગીરી પર અસર પડી શકે છે કારણ કે એર ઈન્ડિયા એક્સપ્રેસ, સ્પાઈસજેટ અને અકાસા એરએ સેંકડો 737 મેક્સ એરક્રાફ્ટનો ઓર્ડર આપ્યો છે. “અમે બોઈંગ દ્વારા ઉત્પાદનને વિસ્તૃત કરવા માટેની કોઈપણ વિનંતીઓ સાથે સંમત થઈશું નહીં અને 737 એરક્રાફ્ટ માટે વધારાની ઉત્પાદન લાઈનને મંજૂરી આપીશું નહીં. જ્યાં સુધી પ્રક્રિયા દરમિયાન ગુણવત્તા નિયંત્રણની સમસ્યાઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી અમે આમ કરીશું નહીં.”




NEWS **FILE**

## બાઈડેન સરકારે લાખો ઘૂસણખોરોને USમાં પ્રવેશની છૂટ આપી : ડોનાલ્ડ ટ્રમ્પ



વોશિંગ્ટનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ પદની આગામી ચૂંટણીમાં ઘૂસણખોરી મુખ્ય મુદ્દો બને તેમ લાગી રહ્યુ છે. અમેરિકાના પૂર્વ પ્રમુખ અને રિપબ્લિકન પાર્ટીના સંભવિત ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ વારંવાર ઘૂસણખોરોની સમસ્યાને પોતાના પ્રચારમાં ઉઠાવી રહ્યા છે. તેમણે મંગળવારે એક કાર્યક્રમમાં ફરી કહ્યુ હતુ કે, લાખો લોકો ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કરી રહ્યા છે. આપણી બોર્ડરો સુરક્ષિત નથી અને ચૂંટણી પણ નિષ્પક્ષ રીતે થાય તેમ લાગતુ નથી. તમે જોઈ શકો છો કે, બોર્ડર પર શું થઈ રહ્યુ છે...લાખો લોકો અ્મેરિકામાં ઘૂસી રહ્યા છે. ટ્રમ્પે કહ્યુ હતુ કે, બાઈડન સરકારે અમેરિકાના ઈતિહાસમાં સૌથી ખરાબ કામ પૈકીનુ એક કામ ઘૂસણખોરોને દેશમાં પ્રવેશવા માટે છુટ્ટો દોર આપીને કર્યુ છે. અમેરિકાની ઉત્તરી સીમા પર સ્થિતિ ખરાબ થઈ રહી છે. અમેરિકા પોતાના ઈતિહાસની સૌથી ભયાનક સમસ્યાનો સામનો કરી રહ્યુ છે. મને ખબર નથી પડી રહી કે, બાઈડન સરકાર પોતાના જ દેશથી આટલી નફરત કેમ કરે છે. તેમણે કહ્યુ હતુ કે, આપણને એક એવી ઈમાનદાર સરકારની જરુર છે જે દેશની બોર્ડરોની સુરક્ષા કરવાની સાથે સાથે દેશમાં ઈમાનદારીથી અને નિષ્પક્ષ રીતે કામ કરે.

## અમેરિકાની કોલેજમાં હવે વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ



ન્યૂયોર્કઃ અમેરિકામાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓને આગામી શૈક્ષણિક વર્ષ માટે કોલેજમાં સીધો પ્રવેશ મળી રહ્યો છે. ઔપચારિક રીતે કોલેજમાં એડમિશન માટે અરજી કરવામાં આવતી નથી. એડમિશનની પ્રક્રિયા વગર કોલેજમાં પ્રવેશ આપવાનું કારણ પણ અજીબોગરીબ છે. મોટા ભાગની કોલેજોમાં ડાયરેક્ટ એડમિશન કાર્યક્રમ ચાલી રહ્યા છે. આ કાર્યક્રમ લાયક વિદ્યાર્થીઓમાં કોલેજની અરજી નકારવાની ચિંતા અને ભયને દૂર કરવા માટે શરૂ કરવામાં આવ્યો છે. પ્રોગ્રામમાં શૈક્ષણિક લાયકાત પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓને સીધો પ્રવેશ આપવામાં આવે છે. એકવાર પ્રવેશ મળ્યા બાદ વિદ્યાર્થીઓ કોઈ પણ સમયે ઓનલાઈન અરજી પૂર્ણ કરી શકે છે. સરકારી તેમજ ખાનગી કોલેજોના પ્રોફેસરો, નિષ્ણાતોના વડપણ હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે છે.


# અમેરિકામાં એઆઈ નિષ્ણાતોને વહેલાં વિઝા મળશે « ટેકનિકલ લોકો માટે ગોલ્ડન યુગ

## ■ ભારતીયોને સૌથી વધુ લાભ થવાની શક્યતા, 1 એપ્રિલથી નવી સુવિધા શરૂ થશે

■ ન્યૂયોર્ક

અમેરિકામાં હવે AIના નિષ્ણાંતોને જલ્દી વીઝા મળશે. અમેરિકન સરકાર એઆઈ અને ‘ક્રિટિકલ એન્ડ ઈમર્જિંગ ટેક્નોલોજી’ (સીઈટી) ના ક્ષેત્રમાં ચીનથી મળી રહેલા પડકારોનો જવાબ આપવા માટે ‘ગ્લોબલ એઆઈ ટેલેન્ટ એટ્રેક્શન પ્રોગ્રામ’ શરૂ કરવા જઈ રહી છે. તેનો ફાયદો હજારો ભારતીયોને થશે. અમેરિકન ઈમિગ્રેશન એજન્સીઓને AI નિષ્ણાંતો માટે પ્રક્રિયા સરળ કરવા અને અરજદારોને તરત જ અપોઈન્ટમેન્ટ આપવાનો નિર્દેશ અપાયો છે. જરૂરિયાત પડવા પર જે-1, ઈબી-1, ઈબી-2 અને ઓ-1 કેટેગરીમાં ફેરફાર કરવા માટે કહેવામાં આવ્યું છે. જ્યાં સુધી ઈચ્છે ત્યાં સુધી USમાં રહી શકશે : આ નિષ્ણાંતો ઈચ્છે ત્યાં સુધી અમેરિકામાં રહી શકશે. પરંતુ તેઓએ સાબિત કરવું પડશે કે તેમના કાર્યનો જનતાના લાભ તેમજ વિકાસથી જોડાયેલા પ્રોજેક્ટમાં ઉપયોગ થઈ રહ્યો છે.

### ઈમિગ્રેશનમાં નીતિગત ફેરફાર, પ્રક્રિયા ઝડપી થશે




અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનનો પ્રયાસ છે કે ઈમિગ્રેશન પ્રક્રિયા ઝડપી થાય. દરમિયાન 1 એપ્રિલથી શરૂ થનારા આ ફેરફાર દરમિયાન એચ1બી, ઓ-1 અને ગ્રીન કાર્ડ જારી કરવાની પ્રક્રિયાની સમીક્ષા થશે. તેમાં નીતિગત ફેરફારો થઈ શકે છે. બાઈડેન વહીવટીતંત્રએ વિદેશ તેમજ ગૃહ મંત્રાલયને AI તેમજ સીઈટીના ક્ષેત્રમાં અભ્યાસ, રિસર્ચ ઈમર્જિંગ ટેક્નોલોજી એન્ડ નેશનલ સિક્યોરિટી એટ ધ ફેડરેશન ઑફ અમેરિકન સાયન્ટિસ્ટના એસોસિએટ ડિરેક્ટર દિવ્યાંશ કૌશિકે જણાવ્યું કે અમેરિકન અર્થતંત્રને મજબૂત બનાવી રાખવા માટે બાઈડેન તંત્ર ટેલેન્ટનું મહત્વ સમજે છે.

# મસ્કે ભારતને વૈશ્વિક મંચ પર કર્યો સપોર્ટ

## UNSCમાં ભારતનું કાયમી સભ્યપદ ન હોવાની વાતને વાહિયાત ગણાવી ભારત કાયમી સભ્યપદ મજબૂત દાવેદાર

**ન્યૂયોર્ક : ટેસ્લાના CEO એલન મસ્કે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC)માં ભારતનું કાયમી સભ્યપદ નહી હોવાની વાતને વાહિયાત ગણાવી છે કે. મસ્કે કહ્યું કે કેટલાક દેશો વધુ શક્તિશાળી છે, જેઓ UNSCમાં ભારતને કાયમી સભ્યપદ મળે તેવું ઈચ્છતા નથી. મસ્કે યુએન ચીફ એન્ટોનિયો ગુટેરેસનું ટ્વીટ શેર કરીને આ વાત લખી છે. ખરેખરમાં, ગુટેરેસે કહ્યું હતું કે આફ્રિકાનું નેતૃત્વ કરવા માટે UNSCમાં કોઈ પણ નથી. વૈશ્વિક સંસ્થાઓએ સમય સાથે બદલાવ લાવવો જોઈએ. 80 વર્ષ પહેલાની દુનિયાની જેમ ન ચાલે...**

### ચીન નથી ઈચ્છતું કે ભારતને એન્ટ્રી મળે: એલન મસ્ક

**ભારતમાં સૌથી વધુ વસ્તી છે** મસ્કે પોતાના ટ્વિટમાં લખ્યું છે કે ભારત પૃથ્વી પર સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. આ હોવા છતાં તે UNSCમાં નથી. થોડા સમય પછી યુએનની સંસ્થાઓ બદલવાની જરૂર છે. મસ્કે UNSCમાં આફ્રિકા માટે કાયમી સભ્યની પણ માંગ કરી છે.

**સૌથી મોટો અવરોધ ચીન છે** UNSCમાં 5 સ્થાયી સભ્યો છે અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ, રશિયા અને ચીન. તેમાંથી 4 દેશો ભારતને સમર્થન આપવા તૈયાર છે, પરંતુ ચીન નથી ઈચ્છતું કે યુએનની સૌથી શક્તિશાળી સંસ્થામાં ભારતને એન્ટ્રી મળે. UN સુરક્ષા પરિષદમાં કોઈપણ ઠરાવ પસાર કરવા માટે તમામ 5 સ્થાયી દેશોનું સમર્થન જરૂરી છે. ફ્રાન્સ, અમેરિકા, રશિયા, બ્રિટને પોતાની સંમતિ દર્શાવી છે, ભારતે ચીનને યુએનએસસીના કાયમી સભ્ય બનવાનું સમર્થન કર્યું હતું.

**UNSC સંયુક્ત રાષ્ટ્રના 6 અંગમાંથી એક** સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ અથવા UNSCએ સંયુક્ત રાષ્ટ્રના છ મુખ્ય અંગોમાંથી એક છે. આ યુએનની સૌથી પાવરફુલ સંસ્થા છે. તે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા સુનિશ્ચિત કરવા અને યુએન ચાર્ટરમાં કોઈપણ ફેરફારોને મંજૂરી આપવા માટે જવાબદાર છે. કેટલાક કિસ્સાઓમાં યુએનએસસી આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા જાળવવા માટે પ્રતિબંધો અથવા બળનો ઉપયોગ કરી શકે છે.



## ભારત UNSCમાં છઠ્ઠુ કાયમી સભ્યપદ માટે સૌથી મજબૂત દાવેદાર છે

1 •વિશ્વની 17% વસ્તી ભારતમાં રહે છે. 142 કરોડની વસ્તી સાથે ભારત વિશ્વનો સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ છે. યુએનએસસીમાં આટલી મોટી વસ્તીનું પ્રતિનિધિત્વ હોવું જરૂરી છે.

2 છેલ્લા દાયકામાં ભારતનો સરેરાશ વાર્ષિક વિકાસ દર 7% થી વધુ રહ્યો છે. ચીન પછી અન્ય કોઈપણ મોટા દેશની સરખામણીમાં આ સૌથી વધુ છે. આ આર્થિક શક્તિને યુએનએસસીમાં અવગણી શકાય નહીં.

3 ભારત એક પરમાણુ શક્તિ છે, પરંતુ તે તેની ઝલક નથી કરતું. જો ભારતને સુરક્ષા પરિષદમાં સામેલ કરવામાં આવે તો તે પરમાણુ નિઃશસ્ત્રીકરણ કાર્યક્રમમાં મહત્વની ભૂમિકા ભજવી શકે છે.

4 ઈન્ટરનેશનલ થિંક ટેન્ક 'એટલાન્ટિક કાઉન્સિલ'ના સર્વે અનુસાર, જો આગામી દાયકામાં યુએનએસસીનું વિસ્તરણ કરવામાં આવે છે, તો ભારતને તેમાં મહત્તમ તકો મળશે. ભારતનું કાયમી સભ્ય બનવાની શક્યતા 26% રહેશે.

# અમેરિકાની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ટ્રમ્પનો દબદબો


### રામાસ્વામી બાદ ડી-સેન્ટિસ પણ બહાર થયા, સેન્ટિસે કહ્યું- મારા માટે ટ્રમ્પ સામે જીતવું અશક્ય

■ વોશિંગ્ટન



ભારતીય મૂળના વિવેક રામાસ્વામી બાદ હવે ફ્લોરિડાના ગવર્નર રોન ડી-સેન્ટિસ રિપબ્લિકન પાર્ટી તરફથી રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનવાની રેસમાંથી બહાર થઈ ગયા છે. તેમણે રવિવારે ચૂંટણી નહીં લડવાની જાહેરાત કરી હતી. આ સાથે ડી-સેન્ટિસે જાહેરાત કરી હતી કે તેઓ ચૂંટણી માટે ટ્રમ્પને સમર્થન આપશે. ડી-સેન્ટિસે કહ્યું- 'મારી અને ટ્રમ્પ વચ્ચે કોરોના અને ચીફ મેડિકલ એડવાઈઝર એન્થોની ફોસીના ઘણા મુદ્દાઓ પર મતભેદો રહ્યા છે, પરંતુ તેમ છતાં તેઓ જો બાઈડેન કરતા સારા છે. તેથી જ મેં તેમને સમર્થન આપવાનું નક્કી કર્યું છે. હું નિક્કી હેલીને સમર્થન આપી શકતો નથી કારણ કે તેની વિચારધારાઓ જૂના રિપબ્લિકન નેતાઓ જેવી જ છે. તેમની પાસે દેશ માટે કંઈ નવું નથી. ડી-સેન્ટિસની પીછેહઠ બાદ હવે રિપબ્લિકન પાર્ટીમાં ટ્રમ્પ અને હેલી વચ્ચે સીધો મુકાબલો છે. આ સપ્તાહના અંતે તે સ્પષ્ટ થઈ ગયું કે રોન ડી-સેન્ટિસ પાસે ચૂંટણી લડવા માટે કોઈ ભંડોળ બચ્યું નથી.

# અમેરિકન રિયલ એસ્ટેટમાં બ્લૂ ઝોનનો ટ્રેન્ડ, હેલ્ધી અને લાંબા જીવન માટે લોકો ત્યાં ઘર ખરીદે છે



વૉશિંગ્ટનઃ અમેરિકાના રિયલ એસ્ટેટ સેક્ટરમાં તાજેતરમાં બ્લૂ ઝોન કોન્સેપ્ટની બોલબાલા છે. વાસ્તવમાં, આ એવી જગ્યા છે જ્યાં વોકિંગ અને સાઈકલિંગને મહત્ત્વ અપાય છે. રેલવે સ્ટેશન, બસ સ્ટેશન અને એરપોર્ટ સુધી જવા માટે ઈકો ફ્રેન્ડલી અને ત્વરિત સાધન હોય છે. હરિયાળી ધરાવતા બગીચા હોય છે. દુકાનોમાં મળતા ખાદ્યપદાર્થો અને બાકી જરૂરી વસ્તુઓ ઓર્ગેનિક રહે છે. વર્ષભર વેલનેસ એક્ટિવિટી ચાલે છે, જેથી લોકો લાંબુ આયુષ્ય જીવી શકે. અમેરિકાની અનેક રિયલ એસ્ટેટ કંપનીઓ આ દિવસોમાં આ કૉન્સેપ્ટને પ્રોત્સાહન આપી રહી છે. ગ્રાહકોને એવાં સ્થળોએ ઘર લેવા માટે પ્રોત્સાહિત કરાય છે. ફ્લોરિડાની રિયલ એસ્ટેટ ફર્મ સીસી હોમના બિઝનેસ ડિરેક્ટર લોરેન સાંચેજ કહે છે કે અમને નવું માર્કેટિંગ ટૂલ મળ્યું છે.

# અમેરિકાના શિકાગોમાં ફાયરિંગ કરીને 7ની હત્યા

**« તમામ એક જ પરિવારના હોવાનું સામે આવ્યું, 23 વર્ષના હુમલાખોરનું કૃત્ય**

■ શિકાગો

અમેરિકાના શિકાગોમાં બે અલગ-અલગ ઘરમાં કરવામાં આવેલાં ફાયરિંગમાં સાત લોકોનાં મોતના સમાચાર છે. અમેરિકાની પોલીસે મંગળવારે જણાવ્યું હતું કે ફાયરિંગની બંને ઘટના શિકાગો નજીક ઈલિનોઈસના જોલિયટમાં વેસ્ટ એકર્સ રોડ વિસ્તારનાં બે ઘરમાં બની હતી. અમેરિકન પોલીસનું કહેવું છે કે તેઓ હુમલાખોરને શોધી રહ્યા છે. હુમલાખોર મૃત્યુ પામેલા લોકોના પરિવારને પહેલેથી જ ઓળખતો હતો. પોલીસે કહ્યું હતું કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આરોપીઓએ લોકોની હત્યા શા માટે કરી. જોકે પોલીસને શંકા છે કે તમામ મૃતકો એક જ પરિવારના સભ્યો છે.

•નાગરિકો પાસેની ગનની માલિકીની બાબતમાં અમેરિકા વિશ્વમાં સૌથી આગળ છે. સ્વિટ્ઝર્લેન્ડના સ્મોલ આર્મ્સ સર્વે અથવા SASના રિપોર્ટ અનુસાર, વિશ્વમાં હાજર કુલ 85.7 કરોડ સિવિલિયન ગનમાંથી એકલા અમેરિકા પાસે 39.3 કરોડ સિવિલિયન ગન છે. અમેરિકા વિશ્વની 5% વસતિ ધરાવે છે, પરંતુ એકલા અમેરિકા પાસે વિશ્વની કુલ અમેરિકાની વસતિ 33 કરોડ છે અને અહીં 40 કરોડ ગન છે.

## પોલીસે આરોપીને ખતરનાક જાહેર કર્યો, પણ ગન કલ્ચર સામે પગલાં ક્યારે?

હુમલો કરનારની ઓળખ 23 વર્ષીય રોમિયો નેન્સ તરીકે થઈ છે. ઘટનાને અંજામ આપ્યા બાદ તે ફરાર થઈ ગયો હતો. પોલીસના જણાવ્યા અનુસાર આરોપી નેન્સ લાલ રંગની ટોયોટા કેમરી ગાડી ચલાવી રહ્યો છે. તેની પાસે હથિયારો છે અને તેને ખતરનાક જાહેર કરવામાં આવ્યો છે. પોલીસે લોકોને તેના વિશે જાણ કરવા અપીલ કરી છે.



આ તસવીર હુમલાખોર રોમિયો નેન્સન

1 ઑક્ટોબર 2020ના ગેલપ સર્વે અનુસાર, 44% અમેરિકન પુખ્ત વયના લોકો એવા ઘરમાં રહે છે, જ્યાં ગન હોય. આ પુખ્ત વયના લોકોમાંથી એક તૃતીયાંશ લોકો પાસે ગન છે. 2019ના એક રિપોર્ટ અનુસાર, અમેરિકામાં 63 હજાર લાઈસન્સવાળા ગન ડીલર્સ હતા, જેમણે એ વર્ષે અમેરિકન નાગરિકોને 83 હજાર કરોડ રૂપિયાની ગન વેચી હતી.

2 231 વર્ષ પછી પણ અમેરિકા પોતાના ગનકલ્ચરને ખતમ કરી શક્યું નથી. આનાં બે કારણો છે. પ્રથમ- ઘણા અમેરિકનો રાષ્ટ્રપતિથી લઈને રાજ્યોના ગવર્નરો સુધી, આ સંસ્કૃતિને જાળવી રાખવાની હિમાયત કરતા રહ્યા છે. બીજું, ગન-ઉત્પાદક કંપનીઓ પણ આ કલ્ચરને જાળવી રાખવાનું મુખ્ય કારણ છે.

# અમદાવાદમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની રંગારંગ ઉજવણી, હર્ષોલ્લાસથી પ્રભુ શ્રીરામના આગમનને વધાવ્યું...



અમદાવાદઃ 22મી જાન્યુઆરીએ અયોધ્યામાં રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. જોકે આ પ્રસંગની ઉજવણી અયોધ્યાથી 1300 કિલોમીટર દૂર આવેલા અમદાવાદમાં ધામધૂમથી કરવામાં આવી હતી. જેમાં વસ્ત્રાલ વિસ્તારમાં આવેલી સરિતા રેસિડેન્સી-5માં અનોખી રીતે ભગવાનના સ્વાગતની ઉજવણી કરવામાં આવી. અહીંયા સોસાયટીના બધાજ સભ્યોએ સૌપ્રથમ પ્રભુ શ્રીરામ ભગવાનનું સામૈયું કર્યુ હતું. બધા જ સભ્યોએ ઉત્સાહ દર્શાવી સોસાયટીના પ્રાંગણને રામમય બનાવી દીધું હતું. તો નાના બાળકોએ નૃત્ય રજૂ કર્યું હતું. સાથેજ સનાતન ધર્મની જાગૃતિ કરવામાં આવી હતી અને પ્રભુના 500 વર્ષ પછીના આગમનના ઐતિહાસિક દિવસમાં સાક્ષી બનીને ધન્યતા અનુભવી હતી.

# મિશન લોટસ યથાવત, ગુજરાતમાં અપક્ષનો થશે સફાયો!

## બાયડના અપક્ષ MLA ધવલસિંહ પણ આપી શકે છે રાજીનામું

■ ગાંધીનગર

લોકસભાની ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. દરેક પાર્ટીમાં ચહલપહલ વધી છે ત્યારે વડોદરાની વાઘોડિયા બેઠકના અપક્ષ ધારાસભ્યપદેથી ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ આજે રાજીનામું આપ્યું છે. બાદમાં વિધિવત્ રીતે ભાજપમાં જોડાશે. ધર્મેન્દ્રસિંહ વાઘેલા વાઘોડિયા બેઠક પરથી ભાજપમાંથી પેટાચૂંટણી લડશે. ભાજપમાં રાજકીય સમીકરણ સેટ થઈ જતાં તેમણે રાજીનામું આપવાનો નિર્ણય લીધો હતો, જોકે અગાઉ બે વખત ધર્મેન્દ્રસિંહ વાઘેલા રાજીનામું આપશે એવી ચર્ચાઓ ચાલી હતી. અંતે, આજે ફાઈનલી રાજીનામું આપી દીધું છે. ત્યારે બાયડના અપક્ષ ધારાસભ્ય ધવલસિંહે પણ રાજીનામું આપવાના સંકેત આપ્યા છે. 2022ની વિધાનસભાની ચૂંટણીમાં કુલ 182 બેઠકમાંથી ભાજપને 156, કોંગ્રેસને 17, AAPને 5 અને અપક્ષને 4 બેઠક મળી હતી.



## NEWS FILE

### બોટકાંડમાં 14 લોકોના મોત છતાં ટેન્ડર પ્રક્રિયામાં એકબીજાને ખો



વડોદરાઃ વડોદરાની હરણી મોટનાથ બોટ દુર્ઘટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી નાખ્યું છે. નિર્દોષ 12 બાળકો અને 2 શિક્ષિકાઓનો ભોગ લેનારી આ ઘટનામાં કોટિયા પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટરો તો જવાબદાર છે જ, પરંતુ તેની સાથે સાથે જે તે સમયે કોટિયા પ્રોજેક્ટનુ ટેન્ડર પાસ કરનાર કોર્પોરેશનના અધિકારી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સહિત હોદ્દેદારો, મેયર અને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે સંકલન સમિતિના હોદ્દેદારોની પણ એટલી જ બેદરકારી છે. બોટ દુર્ઘટનામાં નિર્દોષોનાં મોત બાદ શહેરીજનોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે, સાથે જ ટેન્ડરને મંજૂરી કેવી રીતે મળી તેને લઈને સવાલ ઊઠી રહ્યા છે.

### કેન્દ્રે નવા બનાવેલા કાયદાથી લોકોને દંડ નહીં ન્યાય મળશે

ગાંધીનગરઃ કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે ગાંધીનગરમાં ઓલ ઈન્ડિયા ક્રિમિનોલોજી કોન્ફરન્સ ઓન બિહેવિયરલ ફોરેન્સિક્સનું ઉદઘાટન કરતા જણાવ્યું હતું કે, દેશની ક્રિમિનલ જસ્ટિસ સિસ્ટમ નવા સમયમાં પ્રવેશ કરી રહી છે. તેમણે કહ્યું કે, ઘણાને એવું લાગે છે કે, ભારતીય ન્યાય સંહિતા, ભારતીય સાક્ષી સંહિતા અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા લાવવામાં ઉતાવળ થઈ છે. પરંતુ હકીકત એ છે કે, સરકાર ઘણા સમયથી પ્રયત્ન કરતી હતી. કેન્દ્રિય ગૃહમંત્રીએ કહ્યું, પહેલા એવું કહેવાતું કે પોલીસે અપરાધીથી બે ડગલાં આગળ હોવું જોઈએ.

### ઉમરેઠના બેચરી પાસે કેનાલ પર સાંકડો પુલ જોખમી બન્યો



આણંદઃ ઉમરેઠ -સુંદલપુરા રોડ પર બેચરી પાસે મોટી કેનાલ પર આવેલો પુલ સાંકડો હોવાથી તેમજ બિસ્માર હાલતમાં ફેરવાઈ જતાં વાહન ચાલકોને અકસ્માતનો ભય સત્તાવી રહ્યો છે. આણંદ જિલ્લાના મોટા ભાગના વાહનચાલકો સાવલી તરફ અવરજવર કરવા માટે આ રોડનો ઉપયોગ કરે છે. પણ પુલ સાંકળો હોવાથી ખાસ કરીને રાત્રિના સમય વાહનચલાકો પુલની દિવાલ સાથે ભટકાવવાના બનાવો વધી ગયા છે. ત્યારે તંત્ર દ્વારા તાત્કાલિક પૂલ પહોળો કરીને નવેસર રોડ બનાવવામાં આવે તેવી માગ સ્થાનિકોમાં ઉઠવા પામી છે. ઉમરેઠ-સુંદલપુરા રોડ પર બેચરી પાસે સાંકડો પુલ આવેલો છે.

# હવે ઓનલાઈન ટિકિટ મેળવો « કાંકરિયા ફરવા જનારાને લાઈનમાં ઉભા રહેવાની ઝંઝટમાંથી મુક્તિ, AMCએ વેબસાઈટ અને મોબાઈલ એપ જાહેર કરી

■ અમદાવાદ

અમદાવાદના કાંકરિયા લેક ફ્રન્ટમાં 12 વર્ષથી નીચે માટે પાંચ રૂપિયા અને 12 વર્ષથી ઉપરના માટે રૂ. 10 ટિકિટ લેવામાં આવે છે. કાંકરિયા ખાતે ટિકિટ બારી પરથી ટિકિટ લઈ 7 પ્રવેશદ્વાર પરથી પ્રવેશ આપવામાં આવે છે. હવે કાંકરિયા પરિસર અને વિવિધ આકર્ષણમાં પણ પ્રવેશ માટે નાગરિકો ઓનલાઈન ટિકિટ મેળવી શકશે. કાંકરિયા લેકફ્રન્ટ દ્વારા ઓનલાઈન ટિકિટ માટે www.kankarialaketickets.com વેબસાઈટ જાહેર કરવામાં આવી છે.



## મોબાઈલ નંબર પર SMSથી ટિકિટ મળશે

કાંકરિયા લેક ફ્રન્ટની મુલાકાત લેવા માગતા મુલાકાતીઓ કોઈ પણ સ્થળેથી ડિજિટલ માધ્યમ જેવા કે ડેબિટ કાર્ડ, ક્રેડિટ કાર્ડ, મોબાઈલ ઈન્ટરનેટ બેંકિંગ, યુપીઆઈ વોલેટ, ફાસ્ટ ટેગ, કાર્ડ સ્વાઈપ, સ્કેચ, એનએફસીનો ઉપયોગ કરી ઓનલાઈન ટિકિટ ખરીદ કરી શકે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન ઓનલાઈન ટિકિટ શરૂ કરી છે. જેમાં વેબસાઈટ અને એપ્લિકેશન પર ટિકિટ મેળવવા માટે મુલાકાતીએ તેઓનો મોબાઈલ નંબર, નામ તથા ઈ-મેઈલ આઈડીની વિગત આપવાની રહેશે. ત્યારબાદ જેની ટિકિટ લેવી હોય તેની પસંદગી કરી નાણાંની ચૂકવણી કર્યા બાદ ક્યુઆર કોડ સહિતની ટિકિટ જનરેટ થશે. જેને કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરના પ્રવેશદ્વાર પર પ્રવેશ મેળવતી વખતે બતાવી પ્રવેશ મેળવવાનો રહેશે. આ ઉપરાંત કાંકરિયા લેક ફ્રન્ટ ખાતેના અન્ય આકર્ષણો જેવા કે કિડ્સ સિટી, પ્રાણી સંગ્રહાલય, બાલવાટિકા અને બટરફ્લાય પાર્કની મુલાકાત લેતા મુલાકાતીઓને નિયત કરેલી ફી ચૂકવી ટિકિટ ખરીદ કરવી પડતી હોય છે.

વજુભાઈ વાળાની આગાહી- કોંગ્રેસની હજુ વિકેટો ખડવાની છે

# જયશ્રી રામના નારા સાથે રાજકોટમાં ભાજપનું લોકસભાનું કાર્યાલય ખૂલ્યું

■ ભાજપના કાર્યકરોને ઝઘડા, ગાળાગાળીથી દૂર રહેવા શિખામણ

■ **પ્રદેશ ઉપાધ્યક્ષે કહ્યું 53,000 પૈકી 17500 બૂથમાં ઓછી લીડ હતી તે કમી પણ હવે દૂર કરાશે**

■ રાજકોટ

અયોધ્યામાં રામ જન્મભુમિ ઉપર 22મી જાન્યુઆરીએ રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા પૂર્ણ થયાના ચોવીસ કલાકમાં 23મી જાન્યુઆરીએ રાજકોટ સહિત રાજ્યની ૨૬ લોકસભા બેઠકો પર ભાજપના ચૂંટણી કાર્યાલયો એક સાથે એક દિવસમાં ખુલ્યા છે. પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાથી રાષ્ટ્રની સાથે સૌરાષ્ટ્રભરમાં કેસરિયો માહૌલ છવાયો છે તે સાથે જ ભાજપે કેસરિયા ખેંસ, કેસરી ટોપી ધારણ કરીને રાજકોટ, જામનગર, અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં સભાઓ યોજીને ચૂંટણી પ્રચારના કાર્યાલયોનો ધામધૂમથી આરંભ કર્યો હતો.રાજકોટમાં વરિષ્ઠ નેતા વજુભાઈ વાળાએ કહ્યું ઈ.સ.૧૯૬૭માં ગુજરાતમાં ભાજપને રાજકોટથી સમગ્ર ધારાસભામાં માત્ર એક બેઠક મળી હતી તે આજે ૧૫૬ થઈ છે અને કોંગ્રેસની ઘણી વિકેટો ખડી ગઈ છે અને હજુ ખડવાની છે અને આ બેઠકો પણ વધવાની છે. માત્ર મત મેળવવાના છે તે જ લક્ષ્ય રાખવા જણાવ્યું હતું.





## ચૂંટણી સુધી હવે કાર્યકરો એક જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને કામ કરશે

પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કહ્યું કે કોંગ્રેસમાં ઉમેદવાર નક્કી થાય પછી કાર્યકરો કામ કરવું કે વિરોધ કરવો તે નક્કી કરે છે ત્યારે ભાજપમાં કમળ માટે કામ કરાય છે અને તેથી સફળતા મળે છે. ચૂંટણી સુધી હવે કાર્યકરો એક જ લક્ષ્યને ધ્યાનમાં રાખીને કામ કરશે. પ્રદેશ ભાજપના ઉપાધ્યક્ષ ભરત બોઘરાએ જણાવ્યું કે ભાજપનો ગત લોકસભા ચૂંટણીમાં તમામ ૨૬ બેઠકો પર વિજય થયો છે, પરંતુ, ૫૩,૦૦૦ પૈકી ૧૩,૫૦૦ બૂથમાં ભાજપની લીડ હરીફ કરતા ઓછી હતી અને આ બૂથો પણ હવે આ ચૂંટણીમાં મજબૂત કરી લેવાશે અને ઐતિહાસિક લીડથી વિજયનો લક્ષ્યાંક રખાયો છે. કોંગ્રેસના હજારો કાર્યકરો,પંચાયતથી માંડીને તમામ વિકાસયાત્રામાં જોડાવા ભાજપમાં આવી રહ્યા છે. જામનગરમાં ઈંદીરા રોડ પર મેટાલીક ઈન્ડ.એરિયાવાળી જગ્યા ઉપર લોકસભા ચૂંટણીના મધ્યસ્થ કાર્યાલયનો આરંભ કરાયો હતો જેમાં કૃષિમંત્રી રાઘવજી પટેલ સહિત આગેવાનો હાજર રહ્યા હતા.

# સુરતથી દુબઈની ફ્લાઈટ શરૂ થતાં પ્રવાસીઓને ફાયદો

### એર ઈન્ડિયા એક્સપ્રેસ vs ઈન્ડિગોનું ટિકિટ માટે વોર

■ સુરત

ઈન્ડિગો એરલાઈન્સ 23 ફેબ્રુઆરીથી સુરતથી દુબઈ ફ્લાઈટ શરૂ કરવા જઈ રહી છે. ઈન્ડિગોએ દુબઈથી સુરત ટિકિટનું બુકિંગ 7,900 રૂપિયાથી શરૂ કરતાં ટાટા ગ્રુપના એર ઈન્ડિયા એક્સપ્રેસે સ્થિતિ પારખી ગઈ છે. તેથી એર ઈન્ડિયા એક્સપ્રેસે 12,000થી 14,000 રૂપિયાની દુબઈથી સુરત ટિકિટનો દર 7,698 કરી દીધો છે. જેથી કહી શકાય છે કે, હવે એર ઈન્ડિયા એક્સપ્રેસે ઈન્ડિગો સાથે પ્રાઈસ વોરમાં ટક્કર આપવાનું નક્કી કર્યું છે. ઈન્ડિગોએ સુરતથી દુબઈની ફ્લાઈટ માટે 11,517થી 11,557 રૂપિયામાં ટિકિટ બુકિંગ શરૂ કર્યો છે. જે એર ઈન્ડિયા એક્સપ્રેસની ટિકિટ કરતાં 500થી 700 રૂપિયા સસ્તી ટિકિટ છે. ઈન્ડિગોએ દુબઈથી સુરત માટે 7,900 રૂપિયામાં બુકિંગ શરૂ કરતાં એર ઈન્ડિયા એક્સપ્રેસ ટિકિટના દર ઘટાડવાની ફરજ પડી છે.






## NEWS FILE

### ઈન્ડિગો 23 ફેબ્રુઆરીથી સુરત-દુબઈ ફ્લાઈટ ઉડાવશે




સુરતઃ એર ઈન્ડિયા એક્સપ્રેસ બાદ ઈન્ડિગો પણ સુરત એરપોર્ટથી દુબઈ-સુરત-દુબઈની વીકલી ફ્લાઈ ટ ટેકઓફ કરવા જઈ રહી છે. આ ફ્લાઈટ ઈન્ડિગો એરલાઈ ન્સ આગામી 23મી ફેબ્રુઆરીથી ટેકઓફ કરશે. ઈન્ડિગો એરલાઈન્સ દુબઈ-સુરત-દુબઈની વીકલી ફ્લાઈટ દુબઈ એરપોર્ટથી બુધવાર, શુક્રવાર અને રવિવારના ઓપરેટ કરશે, જ્યારે સુરત ઈન્ટરનેશનલ એરપોર્ટથી સોમવાર, ગુરૂવાર અને શનિવારના ઓપરેટ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગત 17 ડિસેમ્બરે એર ઈન્ડિયા એક્સપ્રેસે દુબઈ-સુરત-દુબઈની ફ્લાઈટ શરૂ કરી હતી. જે ફ્લાઈટ માર્ચ-2024માં સોમવાર, બુધવાર, શનિવાર અને રવિવારે ઉપડશે.

### ભગિની ટાઉનશીપને 5 વર્ષે 28 લાખનું પાણીનું બિલ ફટકાર્યું

રાજકોટઃ રાજકોટનાં રેલનગરમાં આવેલ ભગીની ટાઉનશીપનાં રહેવાસીઓએ મનપા કચેરી ખાતે ઉગ્ર રજૂઆત કરી હતી. આ રજૂઆતમાં સ્થાનિકોએ જણાવ્યું હતું કે, છેલ્લા 5 વર્ષથી અમારી ટાઉનશીપને કોઈ બિલ અપાયું નથી ને હવે અચાનક રૂ. 28 લાખનું વેરા બિલ ફટકારવામાં આવ્યું હતું, જેને ભરવા માટે ફક્ત ચાર જ દિવસનો સમય અપાયો હતો. આ મુદત પુરી થયાના બે દિવસમાં જ નળ કનેક્શન કાપી નાખવામાં આવ્યું છે, જેના કારણે સ્થાનિકોને પાણી વિના પારાવાર મુશ્કેલીઓ ભોગવવી પડી રહી છે.

### સૌથી પસંદગીના નંબર માટે રાજકોટ RTO કચેરીમાં બોલી




રાજકોટઃ રાજકોટ RTOમાં પસંદગીના નંબરો મેળવવા માટે કરોડો રૂપિયાની બોલી લાગી છે. શહેરમાં કારમાં નવડી માટે યુવાને 1 કરોડની બોલી લગાવી હોવાનું સામે આવ્યું છે. આ ઉપરાંત પસંદગીના અલગ-અલગ 10 નંબરો માટે 1.34 કરોડની બોલી લાગી છે. રાજકોટની RTO કચેરીમાં આજે ગુજરાતમાં સૌથી વધુ રાજકોટમાં બોલી લાગી હોવાનું સામે આવ્યુ છે. કારમાં GJ-03-NK-0009 નંબર માટે કથીરી ખાલિદબિન મેસનભાઈએ 1.01 કરોડની બોલી લાગી છે. 1.01 કરોડની બોલી લગાડનાર યુવાન 7 દિવસમાં રકમ નહીં ભરે તો તેની 40,000ની ડિપોઝિટ જશે. 9 માટે રાજકોટમાં ખૂબ જ સારો ક્રેઝ જોવા મળે છે.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અધ્યાપક-વિદ્યાર્થીની પેટન્ટ

« માછલીઓનું લોકેશન બતાવતી ડિવાઈસ વિકસાવી

### દરિયામાં માછીમારોને આંતરરાષ્ટ્રીય બોર્ડર અંગે સજાગ રાખતી સિસ્ટમ

■ રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર સાયન્સ વિભાગનાં પ્રોફેસરના માર્ગદર્શન હેઠળ PHDના વિદ્યાર્થી એવા પોરબંદર કોલેજના આસિસ્ટન્ટ પ્રોફેસર દ્વારા દરિયામાં માછીમારોને આંતરરાષ્ટ્રીય બોર્ડર અંગે સજાગ કરતી બાઉન્ડ્રી એલર્ટ ડિવાઈસ તથા માછલીઓનું લોકેશન બતાવતી ડિસિજન સપોર્ટ સિસ્ટમ વિકસાવવામાં આવી છે. જેની પેટન્ટ ગ્રાન્ટ મળતા ખુશીની લહેર ફેલાઈ છે. ગુજરાત રાજ્યના પોરબંદર શહેરને પ્રાકૃતિક ભેટરૂપે વિરાટ દરિયાકિનારો મળેલો છે. પોરબંદર શહેરના હજારો માછીમારોનો મુખ્ય આર્થિક આધાર મત્સ્ય ઉદ્યોગ પર રહેલો છે. જેથી, ઘણી વખત જાણકારીના અભાવે માછીમારો આ બોર્ડર પાર કરી જતા હોય છે અને માછીમારોને ખૂબ જ મુશ્કેલીઓ પડતી હોય છે. હાલમાં તેઓ વધારે મહેનત અને સમય વિતાવી ઓછું વળતર મેળવે છે.

### બાઉન્ડ્રી એલર્ટ ડિવાઇસ બનાવી, માછલીઓનું લોકેશન મેળવી માછીમારોને આપશે





આ પ્રકારની સમસ્યા ધ્યાનમાં આવતા પોરબંદર શહેરના જ રહેવાસી અને વી.જે. મોઢા કોલેજ ઓફ આઈ.ટી. ખાતે કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ઝલક ઠકરાર દ્વારા આ વિષય પર મનોમંથન અને સંશોધન કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે કોમ્પ્યુટર સાયન્સ વિભાગના પ્રોફેસર ડૉ.અતુલ ગોંસાઈના માર્ગદર્શન હેઠળ એક "બાઉન્ડ્રી એલર્ટ ડિવાઈસ" બનાવેલી છે. જેના દ્વારા માછીમારો અને તેની બોટને આંતરરાષ્ટ્રીય બોર્ડર વિશે સતત એલર્ટ મેસેજ મળતો રહે છે, જેથી દરિયાની ઈન્ટરનેશનલ બોર્ડર પાર કરવાનું જોખમ પણ ટળે છે. જેની પેટન્ટની ગ્રાન્ટ મળી ગયેલ છે. આ ડિવાઈસ અને એપ્લિકેશનના ઉપયોગ દ્વારા મત્સ્ય ઉદ્યોગને પ્રોત્સાહન અને સલામતી મળશે તેમજ આર્થિક ફાયદો પણ થશે.

# છાનું રાખનાર કે સાંત્વના આપનાર ના હોય ત્યારે ક્યાં સુધી રડી શકાય!



## ઋણાનુબંધ

ભાવના પટેલ

**નવલકથા - પ્રકરણ - ૧૭**

**જયારે** ખબર જ હો યકે છાનું રાખનાર કે સાંત્વના આપનાર કોઈ અંગત એની પાસે છે જ નહિ, ત્યારે ક્યાં સુધી રડી શકાય ! જાતે જ સ્વસ્થ થવું પડે.

‘અખિલની મા, હવે બોલવામાં જરાક ભાન રાખો. ઈ બિચારીનું તો હંધુયે લૂંટાઈ ગ્યું. આપણા સિવાય ઈનું કોણ છે હવે?

‘ઈ બિચારી ને હું? જો કહી દઉં છું અખિલના બાપુ તમને, આ ઘરમાં હવે હું નહિ કાં આ કભારજા નહિ. હવે અખિલ નથી, શુભા નથી તો હવે ઈનુંકામેય હું છે આંયા? જા ભાઈ જા તારા રસ્તે વેતીથા .’ રુખીબહેનહજીયે પોતાનો તંત મૂકવા તૈયાર નહોતાં.

‘અખિલની મા....’ લક્ષ્મીપ્રસાદે જોરથી રાડ પાડી. ને એટલા જ જોરથી ઉમેર્યું, ‘આટઆટલું કઉ છું તોય નથી હમજાતું? ઈ આંયા જ રેહે, તમારે હું કરવું ઈ નક્કી કરી લ્યો.’

‘હુકીધું તમે? આ વંતરી હાટુ મને જાકારો દયો છો? હજી તો અખિલનું સૂતકેય નથી ઉતરયું ત્યાં બીજાને ધણીયેય કરી લીધો! છીનાળહારી.’ રુખીબહેનના શબ્દો પૂરા થાય એ પહેલા તો લક્ષ્મીપ્રસાદની જોરદાર થપ્પડ રુખીબહેનનાં ગાલ પર પડી, ને બોલ્યાં.

‘વેતીથા મારી નજર હામેથી, ખબરદાર જો મારી હામે આયવી તો.’ રુખીબહેનરડતા-રડતા એમના રૂમમાં જતા રહ્યા, ને તુલસીયેદોડીને ઉપર એના રૂમમાં જતી રહી.

પલંગ પર પડીને, અંદરનો ડુમો ના ઓગળી ગયો ત્યાં સુધી રડતી રહી. છાનુ રાખનાર, વાંસામાં હાથ ફેરવનાર, સાંત્વના આપનાર કે પાણીનો પ્યાલો ધરનાર પણ કોઈ ક્યાં હતું એની પાસે! જયારે ખબરજ હોય કે છાનું રાખનાર કે સાંત્વના આપનાર કોઈ અંગત એની પાસે છેજ નહિ, ત્યારે ક્યાં સુધી રડી શકાય ! જાતે જ સ્વસ્થ થવું પડે.

ક્યાં સુધી રડતી રહે! રડી-રડીને થાકી આંસુયે ખૂટી ગયા હવે તો. હળવેથી ઊભી થઈ અને પોતાના ને શુભાના કપડા એક થેલામાં ભરવા માંડી. એ શુભાની બધી જ યાદગીરી પોતાની સાથે લઈ જવા માંગતી હતી.

બીજા થેલામાં રમકડાં ભરવા લાગી, પરંતુ રમકડાંનો તો ઢગલો હતો.એમાંથી શુભાને બહુ જ ગમતાંરમકડા એણે અલગ તારવ્યાં.

શુભાની ઢીંગલી સંતુ, એનો રસોઈ નો સેટ, જેના નાનકડાં કપ-રકાબીમાંશુભા એને ચા આપવા આવતી ને પીવડાવતી, લાકડાનો ઝુલતો ઘોડો એને એ ચેતક કહેતી. મહારાણા પ્રતાપની આખી વાત એને ખબર હતી.

તુલસી રોજ રાતે સૂતી વખતે એને કોઈ એક ધાર્મિક કે ઐતિહાસિક વાર્તા કરતી. એને લીધે શુભાનું શબ્દભંડોળ, વાતો, સમજ બધામાં એની ઉંમરના છોકરાઓ કરતાં ઘણી આગળ હતી. ત્યાં ઝમકુ બોલાવવા આવી. ‘ભાભી બાપુજી નીચે બોલાવે છે હાલો.’ તુલસીએ ના પાડીને કહ્યું ‘એમને કહી દે કે હું હવે આ ઘરમાં નથી રહેવાની બસ જઈ જ રહી છું.’ શું બન્યું એની ઝમકુ ને ખબર હતી.

‘ભાભી હવે બાનું હુ ખોટું લગાડવાનું, એ તો એવાજ છે. ખબર તો છે તમને.’ ‘કોના માટે અહીં રહું? કોણ છે મારું હવે?’ ‘હાલો તો ખરા નીચે. બાપુજીએ શુભાના સમ આયપા છે. કીધું કે, ના આવે તો શુભાના સમ દેજે.’

તુલસી આ સાંભળીને ફરી રડી પડી. શુભાનાંસમથી હવે શું ફરક પડે છે? જનાર તો જતી રહી. તોયે તુલસી શુભાના નામનું માન રાખીને નીચે આવી.



લક્ષ્મીપ્રસાદ ડ્રોઈંગ રૂમમાં સોફામાં નીચુ મોં કરીને બેઠા હતા. તુલસી દુર ઊભી રહી. લક્ષ્મીપ્રસાદે ઊંચું જોયું. તુલસી મોં નીચું ઢાળીને ઉભી હતી. એક લાંબી પળ એ તુલસીની સામે જોઈ રહ્યા ને ધીમે અવાજે બોલ્યાં.

‘દીકરી હુ તારી માફી માંગુ છું, માફ કરી દે અમને. અખિલની મા જી કાંયબોયલી એના માટે ને આજ હુધી જે કાંઈ અહિત કયરુ ઈ હંધાય માટે બે હાથ જોડીને તારા પગે પડીને માફી માંગુ છું. માફ કરી દે દીકરી અમને આમતો તને દીકરી કહેવા માટેની લાયકાતેય ખોઈ બેઠા છી, તોય મા-બાપ હમજીનેજ માફ કરી દે.’ આટલું બોલતા-બોલતા બે હાથ જોડીને લક્ષ્મીપ્રસાદધ્રુસકે ને ધ્રુસકે રોઈ પડ્યાં.

રુખીબહેન જે બોલેલા ત્યાર પછી એની હિંમત નહોતી રહી કે, એ લક્ષ્મીપ્રસાદ ની નજીક પણ જાય. તુલસી ત્યાં જ ઉભી રહીને બોલી ‘મહેરબાની કરીને એવું ના બોલો. વડીલો માફી માંગે એ સારા ના લાગે. મને પાપમાં ના પાડો પ્લીઝ.’

‘તારો સ્વભાવ જોતા તું આ ઘરમાંથીચાયલા જવાનું નક્કી કરીને જ બેઠી હઈશ. પણ જો તું આ ઘરનો ઉંબરોવળોટે તો તને શુભાના સમ દઉં છું, ને તોય તું ગઈ તો બીજે દી હુ જીભ કચરીને મરી જાઈશ. એનું પાતક તને લાગશે. રહી વાત અખિલની માની તો હવે ઈ તને કાંઈ નય કયે ઈની જવાબદારી મારી. બસ, તુ આ ઘર છોડીને જતી નહીં.’ લક્ષ્મીપ્રસાદે ફરી બે હાથ જોડીને ગળગળા અવાજે કહ્યું.

‘અહીં રહીને હવે હું શું કરું?’ ‘કેમ? આ ઘર તારું છે,તારો હક છે ઈની ઉપર, અખિલની છોકરીની મા છો તું. ઈ નાતેય હક છે તારો.’ ‘મારે કોઈ જ હક નથી જોઈતો, કોઈનીયે પાસેથી.’ કહીને તુલસી પાછી જવા વળી.

‘શુભાના સમ છે તું ગઈ તો.’ લક્ષ્મીપ્રસાદે મોટેથી રાડ પાડીને કહ્યું. તુલસી રડતી-રડતી ઉપર પોતાના રૂમમાં ચાલી ગઈ અને શુભાની ઢીંગલી સંતુને વળગીને ક્યાંય સુધી રડતી રહી. રડતી-રડતી સુઈ ગઈ.

હંમેશા સવારે પાંચે ઉઠી જનાર તુલસીની આંખ ખુલી ત્યારે સવારે સાડાસાત વાગી ગયાં હતાં.માથુ ભારે લાગતું હતું. ફટાફટ દૈનિક ક્રિયા પતાવીને નીચે ઉતરી.

**ક્રમશઃ વધુ આવતા અંકે...**

લેખકની કૃતિઓ અનેક પ્રકાશનોમાં છપાઈ ચૂકી છે. આપ સૌના મૂલ્યવાન સૂચન, મંતવ્યો તમે તેમને +91 94291 31129 પર વોટ્સએપ દ્વારા મોકલી શકો છો. કે bjpatel1970@gmail.com પર મોકલી શકો છો.

## સાપ્તાહિક રાશિફળ



Durgaprasad shastri
Astrology & vastu services

durgaprasadastro@gmail.com
Acharya Durgaprasad Shastri
India - 9376115884, 7574888002

### મેષ



(અ, લ, ઈ)

જો ચૂકવણી વગેરે ક્યાંક અટવાયું હોય તો આજે મળવાની પૂરેપૂરી સંભાવના છે. યુવાનોએ ધ્યાનમાં રાખવું જોઈએ કે તેઓ તેમના કોઈપણ કાર્યમાં મોટી સફળતા પ્રાપ્ત કરવાના છે, તેથી દરેક કાર્ય ખૂબ જ સમજી વિચારીને અને સંપૂર્ણ એકાગ્રતા સાથે કરો. બીજાના મામલામાં દખલ ન કરો અને અણગમતી સલાહ ન આપો.

### વૃષભ



(બ.વ.ઉ)

જો તમારી ઈચ્છા મુજબ કોઈ ખાસ કામ પૂર્ણ થશે તો તમે તમારી અંદર અદ્ભુત ઉત્સાહ અને ઉર્જાનો અનુભવ કરશો. તમને એક મહત્વપૂર્ણ તક મળશે, જેનો તમે પૂરો લાભ ઉઠાવી શકશો. ઘણા સમયથી અટવાયેલા પૈસા આજે મળવાની સંભાવના છે. પરંતુ જો તમે તેનો મક્કમતાથી સામનો કરશો તો વિજય નિશ્ચિત છે.

### મિથુન



(ક.છ.ઘ)

ગ્રહોની સ્થિતિ તમારા પક્ષમાં છે. તમારી કોઈપણ નાણાકીય યોજના ફળીભૂત થઈ શકે છે. મોટાભાગના કામ સરળતાથી પૂર્ણ થશે. પારિવારિક અને સામાજિક કાર્યોમાં પણ તમારું વિશેષ યોગદાન રહેશે. . કોઈ પણ પ્રકારનો વ્યવહાર ન કરો અને નકારાત્મક પ્રવૃત્તિઓ અને લોકોથી અંતર રાખો. વેપારની કાર્ય વ્યવસ્થામાં સુધારો થશે.

### કર્ક



(ડ.હ)

દિવસની શરૂઆતમાં તમારી બધી પ્રવૃત્તિઓની રૂપરેખા બનાવો. સકારાત્મક અને અનુભવી લોકોના સંપર્કમાં રહેવાથી તમારા આત્મવિશ્વાસ અને જ્ઞાનમાં વધારો થશે. તેનાથી તમારી ઊંઘ અને માનસિક શાંતિ પર પણ અસર થશે. તમારી કાર્ય ક્ષમતાને કારણે સફળતા તમારા માર્ગે આવશે. તમારી યોજનાઓ કોઈને પણ જણાવશો નહીં.

### સિંહ



(મ.ટ)

જો સ્થળાંતર અંગે કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો તેને અમલમાં મૂકવા માટે આ શ્રેષ્ઠ સમય છે. વિદેશ જવાનો પ્રયાસ કરતા લોકોની સમસ્યા દૂર થશે. બીજાની બાબતોમાં દખલ ન કરો, લોકો કોઈ કારણ વગર તમારી વિરુદ્ધ થઈ જશે. તમારી આર્થિક સ્થિતિને પણ ધ્યાનમાં રાખો. અને નજીકથી મૂલ્યાંકન કરવું જરૂરી છે.

### કન્યા



(પ.ઠ.ણ)

ઘરના વડીલોની સલાહ અને માર્ગદર્શન તમારા માટે આશીર્વાદરૂપ રહેશે. તેમના માટે માન-સન્માનમાં કોઈ કમી ન થવા દો. તમારી મહેનત અને આત્મવિશ્વાસના કારણે સફળતા મળશે. બિનજરૂરી ખર્ચ પર કાબૂ રાખવાથી તમે આર્થિક સમસ્યાઓથી બચી શકશો. કામ પ્રત્યે અત્યંત ગંભીરતા અને સખત મહેનત જરૂરી છે.

### તુલા



(ર.ત)

કંટાળાજનક દિનચર્યા અને થાકમાંથી રાહત મેળવવા માટે, તમારા રસપ્રદ કામ અને ઘરની પ્રવૃત્તિઓમાં થોડો સમય ફાળવો. તેનાથી તમે ફરીથી ઉર્જાવાન અનુભવશો. બીજાના મામલામાં હસ્તક્ષેપ તમારા માટે પણ મુશ્કેલી ઉભી કરી શકે છે, તમારા પોતાના કામમાં ધ્યાન રાખવું સારું રહેશે. ગુસ્સો કે ચીડિયાપણું પણ વર્ચસ્વ રહેશે.

### વૃશ્ચિક



(ન.ય)

તમને કોઈ વરિષ્ઠ અને અનુભવી વ્યક્તિનો સહયોગ અને માર્ગદર્શન મળશે, જેના કારણે તમને તમારી ઘણી સમસ્યાઓનો ઉકેલ મળશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યોમાં પણ તમારો વિશ્વાસ વધશે. બપોર પછી સંજોગોમાં થોડી પ્રતિકૂળતા રહેશે અને અવરોધો પણ આવશે. ગભરાવાને બદલે પડકારોનો સામનો કરો અને ઉકેલો શોધો.

### ધન



(ભ.ફ.ધ.ઢ)

તમારું કોઈપણ કામ આયોજનપૂર્વક કરવું અને સકારાત્મક વિચારો રાખવાથી તમને સારા નિર્ણય લેવામાં મદદ મળશે. જો ઘરની આંતરિક વ્યવસ્થા સુધારવા માટે કોઈ યોજના બનાવવામાં આવી રહી હોય તો વાસ્તુ અનુસાર નિયમોનો અવશ્ય ઉપયોગ કરો. બેદરકારી અને આળસના કારણે કોઈ કામ ખોટુ થઈ શકે છે.

### મકર



(ખ.જ)

છેલ્લા કેટલાક સમયથી ચાલી રહેલી વ્યસ્તતામાંથી આજે થોડી રાહત મળશે. તમને અનુભવી લોકોનો સાથ મળશે, જે તમારા વિચારોમાં સકારાત્મકતા લાવશે. આજે કોઈ ખાસ નિર્ણય લેવાનું ટાળો. પૈસાની લેવડ-દેવડને લગતી કોઈ કાર્યવાહી ન કરવી. તેના કારણે સંબંધો પણ બગડી શકે છે. સમયની થોડી મિશ્ર અસર રહેશે.

### કુંભ



(ગ.સ.શ.ષ)

કેટલાક પેન્ડિંગ પૈસા પાછા મળવાથી તમારી આર્થિક સ્થિતિ મજબૂત થશે. ઘરની જાળવણી અથવા નવીનીકરણને લગતી યોજનાઓ પણ બનાવવામાં આવશે. આ વાતનું ધ્યાન રાખો. પ્રોપર્ટી ડીલથી સંબંધિત બિઝનેસમાં સારો સોદો થવાની સંભાવના છે. આવકના સ્ત્રોત વધશે. મહિલાઓને તેમના વ્યવસાયમાં વિશેષ સફળતા મળશે.

### મીન



(દ.ચ.ઝ.થ)

અનુભવી લોકો સાથે થોડો સમય વિતાવ્યા પછી તમે ઉર્જાથી ભરપૂર અનુભવ કરશો. જો તમે તમારી જગ્યા બદલવાનું વિચારી રહ્યા છો તો આજે જ તેને લગતો નિર્ણય લેવો યોગ્ય રહેશે. થોડો સમય આત્મનિરીક્ષણ અને વિચાર કરીને વિતાવો, કારણ કે ક્યારેક તમે બીજાના પ્રભાવમાં આવીને કેટલાક ખોટા નિર્ણયો લઈ લો છો.



# જાજરમાન અભિનેત્રી પ્રીતિ ઝિંટા ફરી બોલીવુડમાં ચમકશે

## સની દેઓલની આ ફિલ્મથી કમબેક કરે તેવી અટકળ

■ મુંબઈ


સની દેઓલ બોલીવુડના મોસ્ટ ટેલેન્ટેડ એક્ટર્સ પૈકીના એક છે. સનીની વર્ષ 2023માં આવેલી ફિલ્મ ગદર 2 બ્લોકબસ્ટર રહી હતી. એક્ટર હાલ પોતાની આ ફિલ્મની ગ્રાન્ડ સક્સેસને ખૂબ એન્જોય કરી રહ્યા છે. આ સાથે જ એક્ટર પોતાની વધુ એક મોસ્ટ અવેટેડ ફિલ્મ લાહોરઃ 1947 ને લઈને પણ ખૂબ ચર્ચામાં છે. આ ફિલ્મને આમિર ખાન પ્રોડક્શન્સ દ્વારા કો-પ્રોડ્યૂસ કરવામાં આવશે. આ લાહોરઃ 1947થી બોલીવુડની એક સુંદર એક્ટ્રેસ કમબેક કરી શકે છે.

રિપોર્ટ અનુસાર પ્રીતિ ઝિંટાને 24 જાન્યુઆરીએ મુંબઈના એક સ્ટુડિયોની બહાર નીકળતા જોવામાં આવી. જ્યાં તે લુક ટેસ્ટ માટે ગઈ હતી. મળતી માહિતી અનુસાર અભિનેત્રીએ સની દેઓલની અપકમિંગ ફિલ્મ લાહોરઃ 1947 માટે પોતાનો લુક ટેસ્ટ આપ્યો હતો. રિપોર્ટમાં એ પણ કહેવામાં આવ્યુ છે કે આ ફિલ્મની સાથે એક્ટ્રેસ સિલ્વર સ્ક્રીન પર કમબેક કરી શકે છે. હાલ ચાહકો પ્રીતિને સનીની ફિલ્મમાં જોવા માટે એક્સાઈટેડ થઈ ગયા છે.

પ્રીતિ ઝિંટા અને સની દેઓલની જોડી પહેલા પણ ઘણી ફિલ્મોમાં નજર આવી ચૂકી છે. બંનેએ હીરોઃ લવ સ્ટોરી ઓફ ધ સ્પાય, ફર્જ અને ભૈયાજી સુપરહિટ જેવી ઘણી યાદગાર ફિલ્મોમાં સાથે કામ કર્યુ છે. સની દેઓલે ગયા વર્ષે ગદર 2થી પોતાની શાનદાર વાપસી કરી, ફિલ્મ બોક્સ ઓફિસ પર જોરદાર હિટ રહી. પરિણામે આમિર ખાને તેમને લાહોર 1947 ઓફર કરી છે.

# શ્રુતિ હાસને સામંથા રૂથ પ્રભુ પાસેથી ચેન્નઈ સ્ટોરી ફિલ્મ આંચકી


મુંબઈ : શ્રુતિ હાસને સામંથા રુથ પ્રભુ પાસેથી 'ચેન્નઈ સ્ટોરી' ફિલ્મ આંચકી લીધી છે. આ ફિલ્મ બાફટા વિજેતા ફિલિપ જોન બનાવી રહ્યા છે. ઈન્ડો યુકે પ્રોડક્શનની આ ફિલ્મની સ્ટોરી ભારતીય બેકગ્રાઉન્ડની છે. આ ફિલ્મ સામંથા રુથ પ્રભુ કરવાની હોવાના અહેવાલ અગાઉ વહેતા થયા હતા. હવે ફિલ્મ સર્જકોએ સત્તાવાર રીતે શ્રુતિનું નામ જાહેર કર્યું છે. આશરે એક વર્ષના એક્ટિંગ બ્રેક બાદ ફિલ્મોમાં પુનરાગમન માટે પ્રયાસ કરી રહેલી સામંથા માટે આ બહુ મોટો આંચકો છે. સામંથાએ માયોસાઈટીસ બીમારીની સારવાર બાદ એક્ટિંગમાંથી એક વર્ષનો બ્રેક લેવાની જાહેરાત ગયાં વર્ષે કરી હતી.



# માલદીવ વિવાદની અસર સલમાનની 'ધ બુલ' પર પડી

## ફેબ્રુઆરી મહિનામાં શૂટિંગ શરૂ થવાનું હતું

■ મુંબઈ



સલમાન ખાન અને કરન જોહર 25 વર્ષ પછી સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ પ્રોજેક્ટનું નામ છે 'ધ બુલ' જેનું નિર્માણ કરન જોહર કરી રહ્યા છે. સલમાન આ ફિલ્મમાં આર્મી ઓફિસરના રોલમાં જોવા મળશે. ફિલ્મની ટીમ ગત વર્ષે 28 ડિસેમ્બરે મુંબઈના ફિલ્મસિટી ખાતે મુહૂર્ત માટે એકત્ર થઈ હતી. આ સમય દરમિયાન એ વાતની પુષ્ટિ થઈ હતી કે, ફિલ્મ ફેબ્રુઆરી 2024માં ફ્લોર પર જશે. હવે જો બોલિવૂડ હંગામાના રિપોર્ટ પર વિશ્વાસ કરવામાં આવે તો, નિર્દેશક વિષ્ણુવર્ધન દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું શૂટિંગ બે મહિના માટે સ્થગિત કરવામાં આવ્યું છે. ભારત અને માલદીવ વચ્ચે ચાલી રહેલા વિવાદને કારણે આવું બન્યું છે. જો ફિલ્મ સાથે જોડાયેલા એક સ્ત્રોતનું માનીએ તો, 'કરન, વિષ્ણુ અને સલમાનને આ ફિલ્મની પટકથા નક્કી કરવામાં થોડો વધુ સમય લાગશે.

# પરિણીતી ચોપરાનું લગ્ન બાદ અભિનયને અલવિદા, હવે સિંગિંગના ક્ષેત્રમાં બનાવશે ભાવિ કારકિર્દી

## ઈન્સ્ટાગ્રામમાં પોસ્ટ કરીને માહિતી આપી

■ નવી મુંબઈ

બોલિવૂડ એક્ટ્રેસ પરિણીતી ચોપરાના રાઘવ ચઢ્ઢા સાથેના લગ્ન બાદ અભિનેત્રીના ફિલ્મી કરિયરને લઈને અનેક સવાલો ઉઠી રહ્યા હતા. ત્યારે હવે એક્ટ્રેસને લઈને એક મોટા સમાચાર સામે આવ્યા છે, જેનાથી તેના ફેન્સ ચોંકી શકે છે. ઘણા લોકો એવુ અનુમાન લગાવી રહ્યાં હતા કે, પરિણીતી રાજકારણમાં જોડાવા જઈ રહી છે. આ વાતની માહિતી ખુદ એક્ટ્રેસે પોતાના ઈન્સ્ટાગ્રામ પર શેર કરી છે અને સાથે જણાવ્યું કે, તે કયા ફિલ્ડમાં પોતાનું કરિયર આગળ વધારશે. અભિનેત્રીએ આ તમામ સમાચારો પર પોતાનું મૌન તોડ્યું છે. પરિણીતી ચોપરાએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને મોટી જાહેરાત કરી છે. અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વીડિયો શેર કરતા કહ્યું કે, હવે તે સિંગિંગમાં તેની કારકિર્દી શરૂ કરવા જઈ રહી છે.



# ઓસ્કર 2024 માટે 'બાર્બી' અને 'ઓપન હાઈમર'નું નોમિનેશન




■ લોસ એન્જેલસ

દુનિયામાં દરેક વ્યક્તિ ફિલ્મો માટેના સૌથી લોકપ્રિય અને આદરણીય ઓસ્કર એવોર્ડની આતુરતાથી રાહ જુએ છે. આ એવોર્ડ 10 માર્ચે અમેરિકાના એલએમાં યોજાશે. આ વર્ષે પણ ઈવેન્ટ જિમી કિમેલ હોસ્ટ કરશે. ચાલો જાણીએ કઈ કઈ ફિલ્મો ઓસ્કર માટે નોમિનેટ થઈ છે. 96માં ઓસ્કર માટે નોમિનેશન સેરેમની શરૂ થઈ ગઈ છે. તે સમયે જાજી બીટ્ઝ અને જેક ક્વેડે નામાંકનની જાહેરાત કરી છે. જ્યાં ફિલ્મ 'ઓપન હાઈમર'ને 13 નોમિનેશન મળ્યા છે. ફિલ્મ 'પુઅર થિંગ્સ'ને 11 નોમિનેશન મળ્યા હતા. 'ડ્રામા કિલર્સ ઓફ ધ ફ્લાવર મૂન'ને 10 અને 'બાર્બી'ને 8 નોમિનેશન મળ્યા છે. આ વખતે ઓસ્કર એવોર્ડ માટે ભારતની કોઈ ફિલ્મ શોર્ટલિસ્ટ થઈ નથી.

# સંજય લીલા ભણસાલીની ફિલ્મ 'લવ એન્ડ વોર'ની જાહેરાત, આલિયા-રણબીર કપૂર ફરી સાથે જોવા મળશે



## વર્ષ 2025માં ફિલ્મ રિલીઝ થાય તેવી શક્યતા

■ મુંબઈ

સંજય લીલા ભણસાલીની આગામી ફિલ્મ 'લવ એન્ડ વોર'ની ઓફિશિયલ જાહેરાત કરવામાં આવી છે. આ એક મોર્ડન લવ સ્ટોરી બનવા જઈ રહી છે, જેમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ લીડ રોલમાં જોવા મળશે. ફિલ્મ અંગે કન્ફર્મેશન આપતા વિકી કૌશલે કહ્યું છે કે, 'આ ફિલ્મ આવતા વર્ષે ક્રિસમસના અવસર પર રિલીઝ થશે.' હાલમાં જ તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ફિલ્મની ઓફિશિયલ જાહેરાત કરતી વખતે વિકી કૌશલે લખ્યું છે, 'સિનેમાનું ઈન્ટર્નલ ડ્રિમ હવે સાકાર થઈ રહ્યું છે.' વિકી કૌશલ ઉપરાંત, આલિયા ભટ્ટ અને સંજય લીલા ભણસાલીની પ્રોડક્શન ટીમે પણ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે, જેમાં લખ્યું છે કે, 'અમે સંજય લીલા ભણસાલીની મહાકાવ્ય ગાથા, 'લવ એન્ડ વોર' રજૂ કરીએ છીએ. ક્રિસમસ 2025માં મૂવીમાં મળીશું.'

આ પોસ્ટરની સાથે એ પણ કન્ફર્મેશન મળ્યું છે કે, ફિલ્મમાં રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ લીડ રોલમાં છે. તેમાં ત્રણેય સ્ટાર કાસ્ટની સાઈન દર્શાવવામાં આવી છે.' સંજય લીલા ભણસાલી સાથે આલિયા ભટ્ટની આ બીજી ફિલ્મ છે. બંનેએ અગાઉ સુપરહિટ ફિલ્મ 'ગંગુબાઈ કાઠિયાવાડી'માં સાથે કામ કર્યું છે. રણબીર કપૂરે પણ ભણસાલીની ફિલ્મ 'સાંવરિયા'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. જ્યારે ફિલ્મ 'લવ એન્ડ વોર' વિકી કૌશલ અને સંજય લીલા ભણસાલીની પ્રથમ ફિલ્મ હશે.

# નીરજ ચોપરા રોજર ફેડરરને મળ્યો

## ભારતીય જેવલિન થ્રોઅર બોલ્યો- દુનિયાના સૌથી સફળ ટેનિસ પ્લેયરને મળવાનું સપનું સાકાર થયું

## રોજર ફેડરરે કહ્યું- તેને મળીને ખૂબ આનંદ થયો, તે ખૂબ સારો એથ્લેટ છે, તેનું ભવિષ્ય ઉજજવળ છે

જ્યુરિચ: ભારતના સ્ટાર જેવલિન થ્રોઅર નીરજ ચોપરા તાજેતરમાં ભૂતપૂર્વ સ્વિસ ટેનિસ ખેલાડી રોજર ફેડરરને મળ્યો હતો. ભારતીય જેવલિન થ્રોઅરે આ મીટિંગને સ્વપ્ન સમાન ગણાવી છે. ઓલિમ્પિક સુવર્ણ ચંદ્રક વિજેતા અને વિશ્વ ચેમ્પિયન નીરજે ગુરુવારે ફેડરરને મળવાની તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. ફોટોના કેપ્શનમાં તેને ટેગ કરતાં તેણે લખ્યું, એક સ્પોર્ટ્સ આઈકનને મળવું એ ખૂબ જ સન્માનની વાત છે, જેની કારકિર્દી લોકો માટે પ્રેરણા બની રહી છે અને બની રહી છે. તમારી સાથે વાત કરવાનો સમય સારો રહ્યો અને આશા છે કે અમે ફરી મળીશું. આ દિવસોમાં નીરજ સ્વિટ્ઝર્લેન્ડમાં તેની આગામી સ્પર્ધાની તૈયારી કરી રહ્યો છે. બંને ખેલાડીઓ વચ્ચેની મુલાકાત ઝ્યુરિચની લા રિઝર્વ ઈડન ઓ લાક હોટેલમાં થઈ હતી...




### ફેડરરને મળવું મારા માટે એક સ્વપ્ન સાકાર થવા જેવું

મીટિંગ બાદ નીરજે કહ્યું, 'રોજર ફેડરરને મળ્યા બાદ મારું સપનું સાકાર થયું. મેં હંમેશા તેમના કૌશલ્ય, તેમની રમતની ભાવના અને વિશ્વભરના લાખો લોકોને પ્રેરણા આપવાની તેમની ક્ષમતાની પ્રશંસા કરી છે. જો કે, આજે મને સૌથી વધુ પ્રેરણા આપી છે તે તેમની નમ્રતા અને તેમની સહજ હાજરી હતી, જેણે મને ખૂબ જ આરામદાયક અનુભવ કર્યો. અમે મેદાન પર અને મેદાનની બહાર અમારા જુસ્સા અને જીવનના અનુભવો શેર કર્યા અને સારો સમય પસાર કર્યો.'

### નીરજ ઓલિમ્પિકમાં મેડલ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ

નીરજ એક સાથે ઓલિમ્પિક અને વર્લ્ડ ચેમ્પિયનશિપ બંને ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય એથ્લેટ છે. તેણે 2021માં ટોક્યો ઓલિમ્પિકમાં ગોલ્ડ જીત્યો હતો. તેણે વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ 2022માં સિલ્વર મેડલ અને 2023માં ગોલ્ડ મેડલ જીત્યો હતો. ભારત 1900થી ઓલિમ્પિકમાં ભાગ લઈ રહ્યું છે, નીરજ પહેલાં, મિલ્ખા સિંહ અને પીટી ઉષાનું અલગ-અલગ ઓલિમ્પિકમાં ચોથું સ્થાન મેળવવું એ ભારતનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન હતું.

## NEWS FILE

### જો રૂટે તોડ્યો ક્રિકેટના ભગવાનનો રેકોર્ડ, રિકી પોન્ટિંગના રેકોર્ડની બરોબરી કરી




હૈદરાબાદઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે 5 મેચની ટેસ્ટ સીરિઝની પ્રથમ મેચ હૈદરાબાદના રાજીવ ગાંધી સ્ટેડિયમમાં રમાઈ. આ પ્રથમ ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી સ્ટાર બેટ્સમેન જો રૂટ 29 રન બનાવી આઉટ થયો હતો. પરંતુ રૂટે તેની આ નાની ઈનિંગ દરમિયાન ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ બેટ્સમેન સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો હતો.

**રૂટે તોડ્યો સચિનનો રેકોર્ડ:**
જો રૂટ હવે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની ટેસ્ટ મેચમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. તેણે ભારત સામે ટેસ્ટ ફોર્મેટમાં 2,526 રન બનાવ્યા હતા. સચિન તેંડુલકરના 2,535 રનનો રેકોર્ડ તોડવા માટે રૂટને માત્ર 10 રનની જરૂર હતી. પ્રથમ સેશનમાં રૂટે સચિનનો રેકોર્ડ તોડી દીધો હતો પરંતુ બીજા સેશનમાં તે 29 રનના સ્કોર પર આઉટ થઈ ગયો હતો.

**પોન્ટિંગના રેકોર્ડની કરી બરાબરી** ભારત સામે સૌથી વધુ રન બનાવવાનો રેકોર્ડ ઓસ્ટ્રેલિયાના પૂર્વ કેપ્ટન રિકી પોન્ટિંગના નામે છે. . રિકી પોન્ટિંગે ભારત સામે 51 ટેસ્ટ ઈનિંગમાં 2,555 રન બનાવ્યા છે. જ્યારે રૂટે 47 ટેસ્ટ ઈનિંગમાં 2,555 રન બનાવ્યા છે.

# ચોથી વખત કોહલીને 'વનડે પ્લેયર ઓફ ધ યર'નો એવોર્ડ

### શુભમન ગિલ અને મોહમ્મદ શમીને અવોર્ડની રેસમાં પાછળ છોડી દીધા

■ મુંબઈ




ભારતના સ્ટાર બેટર વિરાટ કોહલીને ICC વન-ડે ક્રિકેટર ઓફ ધ યર પસંદ કરવામાં આવ્યો છે. વિરાટની સાથે ભારતના શુભમન ગિલ, મોહમ્મદ શમી અને ન્યુઝીલેન્ડના ડેરીલ મિશેલ પણ આ અવોર્ડની રેસમાં હતા. વિરાટને ચોથી વખત આ અવોર્ડ મળ્યો છે. આ પહેલા તે 2012, 2017 અને 2018માં વન-ડે ક્રિકેટર ઓફ ધ યર પણ બન્યો હતો. વર્લ્ડ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ ક્રિકેટર ઓફ ધ યર બન્યા.

વિરાટે વર્ષ 2023માં 27 વન-ડે મેચમાં 1377 રન બનાવ્યા હતા. જેમાં 6 સદી અને 8 અડધી સદી સામેલ છે. આ સિવાય તેણે 1 વિકેટ અને 12 કેચ પણ લીધા હતા. વિરાટ કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટના કોઈપણ ફોર્મેટમાં સદી ફટકારી શક્યો ન હતો. પરંતુ, 2023નું વર્ષ તેના નામે રહ્યું. ગયા વર્ષે, તેણે ભારતમાં આયોજિત વન-ડે વર્લ્ડ કપમાં પણ સારી બેટિંગ કરી હતી.

# સાત્વિક અને ચિરાગ BWF વર્લ્ડ રેન્કિંગમાં ફરી નંબર-1

### બીજી વખત ટોચ પર પહોંચી ભારતીય જોડી, બીજા સ્થાને ચીનના લિયાંગ-વાંગ

■ નવી દિલ્લી



છેલ્લા બે અઠવાડિયામાં શાનદાર પ્રદર્શનના આધારે, ભારતની સ્ટાર બેડમિન્ટન જોડી સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ મંગળવારે BWF મેન્સ ડબલ્સ રેન્કિંગમાં ફરીથી નંબર 1 સ્થાન મેળવ્યું છે. ગયા વર્ષે હાંગઝોઉમાં 2022 એશિયન ગેમ્સમાં ઐતિહાસિક ગોલ્ડ જીત્યા બાદ ભારતીય જોડી બીજી વખત ટોચના સ્થાને પહોંચી છે. ચીનના લિયાંગ વેઈ કેંગ અને વાંગ ચેંગ પહેલાથી બીજા સ્થાને પહોંચી ગયા છે. સાત્વિક-ચિરાગે જાન્યુઆરી 2024માં 2 ટુર્નામેન્ટ રમ્યા અને બંનેની ફાઈનલમાં પહોંચ્યા. 21 જાન્યુઆરીએ, ઈન્ડિયા ઓપનની ફાઈનલમાં, આ જોડીને દક્ષિણ કોરિયાના સેઉંગ જે અને હ્યુન સુક કાંગની જોડીએ ત્રણ ગેમમાં 21-15, 11-21, 19-21થી પરાજય આપ્યો હતો. મલેશિયા ઓપનની ફાઈનલમાં ચીનની વાંગ-લિયાંગ જોડી સામે 9-21, 21-18, 21-17ના અંતરથી પરાજય થયો હતો.

### અશ્વિનના નામે ખાસ રેકોર્ડ, WTCના ઈતિહાસમાં 150 વિકેટ લેનારો પહેલો ભારતીય



હૈદરાબાદઃ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય સ્પિનરોએ ઈંગ્લેન્ડની બેઝબોલ રણનીતિને ફેલ કરી હતી. પ્રથમ દિવસે ઈંગ્લેન્ડની ટીમ માત્ર 246 રનના સ્કોર પર સમેટાઈ ગઈ હતી. ભારત તરફથી રવિચંદ્રન અશ્વિન અને રવિન્દ્ર જાડેજાએ શાનદાર બોલિંગ કરતા 3-3 વિકેટ ઝડપી હતી. આ મેચમાં અશ્વિને એક ખાસ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. અશ્વિન ભારત માટે WTCમાં સૌથી વધુ વિકેટ લેવાની સાથે 150 વિકેટ લેનાર પ્રથમ ભારતીય બોલર બની ગયો છે. વિશ્વ ક્રિકેટમાં અત્યાર સુધી માત્ર 2 બોલર, પેટ કમિન્સ અને નાથન લાયને 150 વિકેટનો આંકડો વટાવ્યો છે.

# સૂર્યકુમાર યાદવ આઈસીસી T-20I ક્રિકેટર ઓફ ધ યર બન્યો

### સતત બીજી વખત અવોર્ડ મેળવ્યો, 2023માં 18 મેચમાં 733 રન બનાવ્યા

■ નવી દિલ્લી

ટીમ ઈન્ડિયાના સ્ટાર ક્રિકેટર સૂર્યકુમાર યાદવ સતત બીજી વખત ICC મેન્સ T20 પ્લેયર ઓફ ધ યર તરીકે સિલેક્ટ થયો છે. સૂર્યાને વર્ષ 2022 માટે અવોર્ડથી પણ સન્માનિત કરવામાં આવ્યો હતો. સિકંદર રઝા, અલ્પેશ રામજાની અને માર્ક ચેપમેનને પણ ICC મેન્સ T20 પ્લેયર ઓફ ધ યર માટે નામાંકિત કરવામાં આવ્યા હતા, જેમાં સૂર્યાએ અવોર્ડ જીત્યો હતો. સૂર્યકુમાર યાદવે વર્ષ 2023માં 18 T20 આંતરરાષ્ટ્રીય મેચમાં 733 રન બનાવ્યા છે.

સૂર્યકુમાર યાદવ વર્ષ 2023માં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બન્યો છે. તેણે 17 ઈનિંગ્સમાં 48.86ની એવરેજ અને 155.95ની સ્ટ્રાઈક રેટથી 733 રન બનાવ્યા. તે 2023માં આ ફોર્મેટમાં UAEના મુહમ્મદ વસીમ અને યુગાન્ડાના રોજર મુકાસા પછી ત્રીજા સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો.




### 2023માં 2 સદી ફટકારી

સૂર્યકુમાર યાદવે વર્ષ 2023માં 2 સદી ફટકારી હતી. આમાંની પ્રથમ સદી જાન્યુઆરીમાં શ્રીલંકા સામે બની હતી, જ્યાં તેની 51 બોલમાં 112 રનની ઈનિંગમાં નવ છગ્ગા અને સાત ચોગ્ગા સામેલ હતા. તે જ સમયે, બીજી સદી દક્ષિણ આફ્રિકા સામે વર્ષની છેલ્લી T20 મેચમાં આવી, જેમાં તેણે 100 રનની ઈનિંગ રમી. યાદવ T20 ઈન્ટરનેશનલમાં સદી ફટકારવાના મામલે ગ્લેન મેક્સવેલ સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે, બંનેએ 4-4 સદી ફટકારી છે. આ યાદીમાં રોહિત શર્મા 5 સદી સાથે ટોપ પર છે.

### ભારતનો 75મો ગણતંત્ર દિવસ, આકાશમાં સુખોઈ-રાફેલની ગર્જના

# પહેલીવાર મહિલા ઓફિસરોએ ત્રણેય સેનાની ટુકડીનું નેતૃત્વ કર્યુ, શૌર્ય દાખવ્યું

## યુપીની ઝાંખીમાં દેખાયા અયોધ્યાના રામલલા,કચ્છના ધોરડોની ઝાંખી આકર્ષક લાગી






નવી દિલ્હીઃ ભારતમાં 26મી જાન્યુઆરીએ 75મો ગણતંત્ર દિવસ ઉજવ્યો. જેમાં સૌથી પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વોર મેમોરિયલ પર પહોંચીને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. પીએમ મોદીએ અહીં 2 મિનિટ મૌન પાળ્યું હતું. ત્યારબાદ રાષ્ટ્રપતિ મુર્મુ અને રાષ્ટ્રપતિ મેક્રોન બગીમાં સવાર થઈને કર્તવ્ય પથ પર પહોંચ્યા હતા. મોદીએ કર્તવ્ય પથ પર રાષ્ટ્રપતિ મુર્મુ અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોનનું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બીજી વખત રાજપથ પર તિરંગો ફરકાવ્યો હતો. ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ચીફ ગેસ્ટ રહ્યા.જ્યારે 13 હજાર ખાસ મહેમાનો પણ આવ્યા. આ વખતે ગણતંત્ર દિવસની થીમ 'વિકસિત ભારત' અને ભારત - લોકશાહીની માતા (જનની) રહી.

**કર્તવ્યપથ પર નારીશક્તિનો જોવા મળ્યો જલવો** પરેડ સવારે 10:30 વાગ્યે શરૂ થઈ અને લગભગ 90 મિનિટ સુધી ચાલી હતી. 100 મહિલા મ્યુઝિશિયન શંખ, ડ્રમ અને અન્ય પરંપરાગત સંગીતનાં સાધનો વગાડીને પરેડની શરુઆત થઈ હતી. 1500 મહિલાઓએ ટ્રેડિશનલ ડ્રેસમાં લોકનૃત્યો રજૂ કર્યા હતા. ત્રણેય સૈન્ય, અર્ધ-લશ્કરી જૂથો અને પોલીસ ટુકડીઓનું નેતૃત્વ પ્રથમ વખત મહિલાઓ કર્યું. BSF, CRPF અને SSBની મહિલા જવાનોએ 350CC રોયલ એનફિલ્ડ બુલેટ પર સવારી કરીને સાહસિક સ્ટંટ કર્યા હતા.

## NEWS FILE

### બજેટ 2024 પહેલા નોર્થ બ્લોકમાં હલવા સિરેમની યોજાઈ



નવી દિલ્લીઃ બજેટ તૈયાર કરવાની "લોક-ઈન" પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં દર વર્ષે હલવા સેરેમનીનું આયોજન કરવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી પેપરલેસ બજેટ રજૂ કરવામાં આવ્યું હતું. આ વખતે પણ પેપરલેસ રીતે બજેટ રજૂ કરવામાં આવશે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરશે. સામાન્ય રીતે, બજેટ બનાવવા સાથે સંકળાયેલા અધિકારીઓ હલવા સેરેમનીમાં ભાગ લે છે. નાણામંત્રી નિર્મલા સીતારમણ 1 ફેબ્રુઆરી 2024ના રોજ લોકસભામાં વચગાળાનું બજેટ 2024 રજૂ કરશે. આ વખતે પણ બજેટ પેપર લેસ હશે. બજેટના તમામ દસ્તાવેજો બજેટ મોબાઈલ એપ પર ઉપલબ્ધ હશે.

### ફેક લોન એપની જાહેરાતો પર ટૂંક સમયમાં પ્રતિબંધ લગાવાશે

નવી દિલ્લીઃ ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર લોન ફ્રોડ એપ્સની જાહેરાતો પર પ્રતિબંધ લગાવવામાં આવી શકે છે. કેન્દ્ર સરકાર છેતરપિંડી કરનાર એપ્સની જાહેરાત પર પ્રતિબંધ મૂકવા માટે ટૂંક સમયમાં નવા નિયમો પર વિચાર કરી રહી છે. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી રાજ્ય મંત્રી રાજીવ ચંદ્રશેખરે ઈન્ડિયન એક્સપ્રેસને જણાવ્યું હતું કે, "સરકાર નકલી લોન એપ્સ માટે મધ્યસ્થીઓને જાહેરાતો હોસ્ટ કરવાથી રોકવા માટે વર્તમાન માહિતી ટેકનોલોજી નિયમોમાં ફેરફાર કરશે.

### સાઉદી અરબમાં 70 વર્ષમાં પહેલીવાર દારૂનું વેચાણ કરાશે



રિયાધઃ 1952 પછી પહેલીવાર સાઉદી અરેબિયામાં દારૂના વેચાણ માટે સ્ટોર ખોલવામાં આવ્યો છે. હાલમાં અહીંથી માત્ર બિન-મુસ્લિમ રાજદ્વારીઓ જ દારૂ, બીયર કે વાઈન ખરીદી શકશે. આ માટે તેઓએ ઓળખ પત્ર બતાવવાનું રહેશે. 1951માં, સાઉદી કિંગ અબ્દુલ અઝીઝના પુત્રએ એક પાર્ટીમાં દારૂના નશામાં બ્રિટિશ રાજદ્વારીને ગોળી મારી હતી. બ્રિટિશ રાજદ્વારી મૃત્યુ પામ્યા હતા. તેની સામે હત્યાનો ગુનો નોંધવામાં આવ્યો હતો. વર્ષ 2000માં તેમનું અવસાન થયું હતું. ત્યારથી દારૂના વેચાણ પર પ્રતિબંધ છે. સૌથી પોશ વિસ્તારમાં આ સ્ટોર ખોલવાની મંજૂરી આપી હતી.

# ફ્રાન્સના રાષ્ટ્રપતિ મેક્રોને જયપુરની ગલીઓમાં શોપિંગ કરી

### PM મોદીએ મેક્રોનને રામમંદિરનું મોડલ ભેટમાં આપ્યું, બંને લીડર્સે ગુલાબી નગરીમાં રોડ શો કર્યો

■ જયપુર

ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન 2 દિવસની સરકારી મુલાકાતે ભારત આવ્યા. મેક્રોન દિલ્હી જવાને બદલે પેરિસથી સીધા જયપુર પહોંચ્યા હતા. અહીં આમેર કિલ્લામાં તેમનું રાજસ્થાની શૈલીમાં સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ જયપુરના જંતર-મંતર પહોંચ્યા હતા. અહીં તેમણે મેક્રોનનું સ્વાગત કર્યું. બંને નેતાઓએ એકબીજાને ગળે લગાવ્યા. આ પછી તેમણે હવા મહેલની સામે ચા પીધી. ત્યારબાદ રામબાગ હોટલમાં બંને દેશો વચ્ચે દ્વિપક્ષીય ચર્ચા થશે.

મેક્રોન રાત્રે દિલ્હી જવા રવાના થઈને બીજા દિવસે સવારે કર્તવ્યપથ પર મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી. ફ્રાન્સના રાષ્ટ્રપતિ એમેન્યુઅલ મેક્રોને શુક્રવારે ભારતના 75માં રિપબ્લિક પરેડમાં કૂચ કરવા માટે તેમના દેશના સૈન્ય સૈનિકો અને વિમાનોને આમંત્રણ આપવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

### ફ્રાંસ 2030 સુધીમાં 30,000 ભારતીય વિદ્યાર્થીઓની પસંદ બનશે



વિદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોને આપ્યા છે. 26 જાન્યુઆરીના રોજ તેમણે ટ્વીટ કર્યું કે યુકે અને કેનેડાના બદલે શિક્ષણ માટે પસંદગીનું સ્થળ બનશે. રાષ્ટ્રપતિએ 2030 સુધીમાં ભારતીય વિદ્યાર્થીઓની સંખ્યા વધારીને 30,000 કરવાની ફ્રેન્ચ સરકારની યોજના પણ શેર કરી. આ એક ખૂબ જ મહત્વનું ધ્યેય છે. પરંતુ હું તેને પ્રાપ્ત કરવા માટે કટિબદ્ધ છું. ફ્રાન્સની સરકાર આંતરરાષ્ટ્રીય વર્ગો શરૂ કરવાનું વિચારી રહી છે. જે વિદ્યાર્થીઓને કોઈપણ ફ્રેન્ચ સ્પર્ધા વિના યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવવાની મંજૂરી આપશે. જે વિદ્યાર્થીઓ અગાઉ ફ્રાન્સમાં અભ્યાસ કરી ચૂક્યા છે,તેમના માટે વિઝા અરજી પ્રક્રિયા પણ સરળ બનાવવામાં આવશે.